RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૭૯ ફાગણ વદ-૨   બુધવાર, તા.૨૭-૦૩-૨૦૨૪   અંક : ૧૩૩ વર્ષ : ૨૧   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# જમ્મુ-કાશ્મીરમાંથી સેના હટાવવાની વિચારણા : અમિત શાહ

## AFSPA હટાવવા અંગે પણ વિચારીશું તેમ પણ જણાવ્યું



નવીદિલ્હી,
કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જમ્મુ-કાશ્મીરને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે કેન્દ્ર સરકાર આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર્સ એક્ટ એટલે કે જમ્મુ-કાશ્મીરમાં લાગુ AFSPA હટાવવા પર વિચાર કરી રહી છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન ગૃહમંત્રી શાહે દાવો કર્યો હતો કે સરકાર કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાંથી સૈનિકોને હટાવવાની અને અહીંની કાયદો અને વ્યવસ્થા જમ્મુ અને કાશ્મીર પોલીસ પર છોડી દેવાની પણ યોજના બનાવી રહી છે.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે સરકાર જમ્મુ અને કાશ્મીરમાંથી સૈનિકોને હટાવવાની અને કાયદો અને વ્યવસ્થા જમ્મુ અને કાશ્મીર પોલીસને સોંપવાની યોજના ધરાવે છે. તેમણે કહ્યું કે પહેલા જમ્મુ-કાશ્મીર પોલીસ પર ભરોસો ન હતો, પરંતુ આજે તેઓ ઓપરેશનનું નેતૃત્વ કરી રહ્યા છે. સાથે જ અમિત શાહે એમ પણ કહ્યું કે અમે AFSPA હટાવવા અંગે પણ વિચારીશું. ગૃહમંત્રી અમિત શાહે ઈન્ટરવ્યુ દરમિયાન દાવો કર્યો હતો કે સપ્ટેમ્બર મહિના પહેલા જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. શાહે કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં લોકશાહીની સ્થાપના એ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું વચન છે અને તે પૂરું થશે. કેટલાક પક્ષો પર નિશાન સાધતા શાહે કહ્યું કે હવે જમ્મુ-કાશ્મીરમાં લોકશાહી માત્ર ત્રણ પરિવારો સુધી સીમિત નહીં રહે. જમ્મુ અને કાશ્મીરમાં અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને અન્ય પછાત વર્ગો (OBC) ના આરક્ષણ પર ગૃહ પ્રધાન શાહે કહ્યું કે મોદી સરકારે પહેલીવાર જમ્મુ અને કાશ્મીરના ઁઝને અનામત આપી છે. આ સિવાય મહિલાઓને એક તૃતીયાંશ અનામત આપવામાં આવી છે.

તેમણે કહ્યું કે પંચાયત અને શહેરી સ્થાનિક સંસ્થાઓમાં ઓબીસી અનામત આપવામાં આવી હતી. અમે SC અને ST માટે જગ્યા બનાવી છે. ગુર્જરો અને બકરવાલોનો હિસ્સો ઘટાડ્યા વિના પહાડીઓને ૧૦ ટકા આરક્ષણ આપવામાં આવ્યું છે. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાંથી વિસ્થાપિત લોકોને સમાવવા માટે વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે આ લાભો પાયાના સ્તર સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ છે.

# બિગ બોસ વિનર મુનાવર ફારુકી પોલીસ કસ્ટડીમાં

## મંગળવારે રાત્રે દરોડા દરમિયાન હુક્કા પાર્લરમાં મળી આવ્યો

મુંબઈ,
સ્ટેન્ડ અપ કોમેડિયન અને બિગ બોસ ૧૭ના વિજેતા મુનાવર ફારુકીને પોલીસે કસ્ટડીમાં લીધો છે. જણાવવામાં આવી રહ્યું છે કે પોલીસે મંગળવારે રાત્રે મુંબઈમાં એક હુક્કા પાર્લરમાં દરોડા દરમિયાન આ કાર્યવાહી કરી હતી. ફારૂકીની સાથે અન્ય ૬ લોકોની પણ અટકાયત કરવામાં આવી છે. હાલ તપાસ ચાલુ છે. કહેવામાં આવી રહ્યું છે કે તમાકુ ઉત્પાદનોના ઉપયોગની માહિતી મળતાં પોલીસે દરોડો પાડ્યો હતો.આ દરોડા દરમિયાન પોલીસે ૧૪ લોકોની ધરપકડ કરી હતી જેમાં મુનાવર ફારૂકીનો પણ સમાવેશ થાય છે.

# અમદાવાદમાં ઈન્કમ ટેક્સ વિભાગ ફરીથી ત્રાટક્યું

અમદાવાદ,
અમદાવાદના આશ્રમ રોડ સહિતના વિસ્તારોમાં આવકવેરા વિભાગ ત્રાટક્યું છે. અમદાવાદના આશ્રમરોડ સહિતના વિસ્તારોમાં તપાસ ચાલી રહી છે. અમદાવાદમાં ૧૩ જગ્યા પર દરોડા અને સર્વેની કામગીરી ચાલુ છે. તેમા આઈટીના ૭૫થી પણ વધુ અધિકારીઓ તપાસમાં જોડાયા છે. આવકવેરા વિભાગને તેના અંગે વિશેષ બાતમી મળી છે. આવકવેરા વિભાગને વિશ્વાસ છે કે આ દરોડામાં મોટાપાયા પર બેનામી વ્યવહારો મળી આવશે.

ઉલ્લેખનીય છે કે કોરોના પછી છેલ્લા બે વર્ષમાં અમદાવાદમાં હોટેલ અને ડેરી સાથે સંલગ્ન કારોબારમાં નોંધપાત્ર તેજી જોવા મળી છે. બંને સેક્ટરોએ છેલ્લા બે વર્ષમાં નોંધપાત્ર વિકાસ સાધ્યો છે. આમ છતાં તેમણે સાધેલા વિકાસનું પ્રતિબિંબ તેમના દ્વારા ચૂકવવામાં આવતા કરમાં જોવા ન મળતાં આવકવેરા વિભાગ પણ ચોંકી ઉઠ્યુ હતુ અને તેમને સેક્ટર વાઈઝ અંડર રિકવરીમાં ઓબ્ઝર્વેશન હેઠળ મૂક્યા હતા.

# ભારતનો ડંકો : સમગ્ર એશીયામાં સૌથી વધુ વિદેશી રોકાણ મેળવ્યું

## માર્ચ મહિનામાં વિદેશી સંસ્થાઓએ ૩.૬૩ અબજ ડોલર ઠાલવ્યાઃ કોરોના કાળ પછીનું સૌથી મોટુ રોકાણ

નવીદિલ્હી,
સમગ્ર વિશ્વમાં સૌથી વધુ આર્થિક વૃધ્ધિદર ધરાવતા ભારતનો અર્થતંત્રમાં ડંકો વાગી જ રહ્યો છે અને તેના પર વિદેશીઓ પણ આફરીન હોય તેમ વિદેશી રોકાણમાં જંગી વધારો થવા લાગ્યો છે. માર્ચ મહિનામાં સમગ્ર એશીયામાં સૌથી વધુ વિદેશી રોકાણ ભારતે મેળવ્યું છે.

દક્ષિણ કોરીયા, તાઈવાન, ઈન્ડોનેશીયા જેવા દેશો પણ ભારતથી પાછળ રહ્યા છે. જયારે જાપાન, મલેશીયા, ફિલિપાઈન્સ, થાઈલેન્ડ, વિયેટનામ અને શ્રીલંકા જેવા દેશોમાંથી વિદેશી રોકાણ પાછું ખેંચાયું છે.

માર્ચ મહિનામાં ભારતમાં ૩.૬૩ અબજ ડોલરનું વિદેશી રોકાણ ઠલવાયું હતું જે છેલ્લા ચાર વર્ષનું સૌથી વધુ છે. આ ઉપરાંત ભારતીય નાણા સંસ્થાઓને પણ ૫૨૪૬૭ કરોડનું રોકાણ કર્યુ હતું.

ભૌગોલિક ટેન્શન અને ઉંચા વ્યાજદરના દર વચ્ચે પણ ભારત પ્રત્યેનો વિદેશી ઈન્વેસ્ટરોનો લગાવ વધતો રહ્યો હતો. વિદેશી સંસ્થાઓએ ડિસેમ્બર-૨૦૨૩ પછીનો સૌથી મોટુ રોકાણ કર્યુ હતું. ભારત સિવાય વિદેશી નાણા સંસ્થાઓએ દક્ષિણ કોરીયા, તાઈવાન તથા ઈન્ડોનેશીયામાં પણ રોકાણ કર્યુ હતું. દક્ષિણ કોરીયામાં ૨.૯૧ અબજ ડોલર, તાઈવાનમાં ૧.૧૪ અબજ ડોલર તથા ઈન્ડોનેશીયામાં ૫.૮૫ અબજ ડોલર ઠાલવ્યા હતા.

# સાંગલીમાં ડ્રગ ફેક્ટરી પર દરોડા રૂા.૨૪૫ કરોડનું મેફેડ્રોન જપ્ત

**ખેતરમાં મેફેડ્રોન બનાવવામાં આવતું હતું, છ આરોપી પકડાયા**

નવીદિલ્હી,
મહારાષ્ટ્રના સાંગલીમાં ફરી ડ્રગ રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. સાંગલીમાં નિર્જન સ્થળે ડ્રગ ફેક્ટરી પર દરોડા પાડી મુંબઇ ક્રાઇમ બ્રાન્ચની ટીમે અંદાજે રૂપિયા ૨૪૫ કરોડનું મેફેડ્રોન જપ્ત કર્યું હતું. આ મામલામાં શંકાસ્પદ આરોપીને પકડીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ ગુનામાં સંડોવાયેલો મુખ્ય આરોપી મૂળ સાંગલીના કવઠે મહાંકાળનો છે તે ગત ૧૭ વર્ષથી મુંબઇમાં રહેતો હતો. તે ડ્રગની હેરાફેરી કરતો હોવાની માહિતી મુંબઇ ક્રાઇમ બ્રાન્ચને મળી હતી. જેના આધારે તેને પકડવામાં આવ્યો હતો. મુંબઇ ક્રાઇમ બ્રાન્ચે એમડી ડ્રગ બનાવવાના નેટવર્કને પ્રકાશમાં લાવીને છ જણની ધરપકડ કરાઇ હતી. સાંગલીના ઇરળી ગામમાં અત્યંત નિર્જન જગ્યાએ આરોપીઓએ એક રૂમમાં ડ્રગ બનાવવાની ફેક્ટરી સ્થાપી હતી. પોલીસે માહિતીના આધારે અહીં છાપો મારીને સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. દરમિયાન અંદાજે રૂપિયા ૨૪૫ કરોડની કિંમતનું ૧૨૨.૫ કિલો મેફેડ્રોન મળી આવ્યું હતું.

અગાઉ ગત ફેબ્રુઆરીમાં સાંગલીના કુપવાડામાં દરોડા પાડીને અંદાજે ૩૦૦ કરોડનું મેફેડ્રોન કબજે કરવામાં આવ્યું હતું. પુણેમાં પોલીસે મેફેડ્રોન સાથે ત્રણ આરોપીને પકડતા મોટા ડ્રગ રેકેટની જાણ થઇ હતી. પુણેમાં પોલીસે મેફેડ્રોન સાથે ત્રણ આરોપીને પકડતા મોટા ડ્રગ રેકેટની જાણ થઇ હતી.

# કેજરીવાલની ધરપકડ-રિમાન્ડ પર દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી શરૂ

## EDએ AAPના ગોવાના પ્રભારી દીપક સિંગલાના દિલ્હીના ઘર પર દરોડા પાડ્યા

નવીદિલહી,
દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે EDની ધરપકડ અને રાઉઝ એવન્યુ કોર્ટના રિમાન્ડના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો છે. જસ્ટિસ સ્વર્ણકાંત શર્માની કોર્ટમાં આ કેસની સુનાવણી શરૂ થઈ ગઈ છે. કેજરીવાલ વતી વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી હાજર થયા હતા અને ED વતી એટર્ની સોલિસિટર જનરલ રાજુ હાજર થયા હતા.

ASG રાજુએ કહ્યું હતું કે અમે વિગતવાર જવાબ દાખલ કરવા માંગીએ છીએ. મુખ્ય કેસમાં અમને ૩ અઠવાડિયાનો સમય આપવામાં આવ્યો હતો. આ કેસમાં પણ અમને જવાબ દાખલ કરવા માટે પૂરતો સમય મળવો જોઈએ. કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે આ વિલંબની યુક્તિઓ છે. અમે હાઈકોર્ટને અપીલ કરીએ છીએ કે આ અંગે હવે નિર્ણય લેવામાં આવે. તમે તેને સ્વીકારો અથવા નકારી કાઢો.

ASG રાજુએ કહ્યું કે તેમનો ઉદ્દેશ્ય માત્ર આક્ષેપો કરવાનો છે.

# MP-બિહાર, બંગાળના ભાજપના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર

## મોદી-શાહ સભા કરશે : બંગાળમાં મિથુન ચક્રવર્તી, અમિત માલવિયા સ્ટાર પ્રચારક

નવીદિલ્હી,
ભાજપે લોકસભા ચૂંટણીને લઈને ત્રણ રાજ્યો માટે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે જેમાં મધ્યપ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. તમામ રાજ્યોમાં ભાજપના ૪૦-૪૦ દિગ્ગજ નેતાઓના નામ છે.

પીએમ મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા ત્રણેય રાજ્યોમાં જાહેર સભાઓ કરશે.મધ્યપ્રદેશ માટે ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ૭ કેન્દ્રીય મંત્રીઓના નામ સામેલ છે. આ ઉપરાંત ૬ ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ એમપીમાં પાર્ટીના ઉમેદવારો માટે પ્રચાર કરતા જોવા મળશે.

મધ્યપ્રદેશના સીએમ ડો. મોહન યાદવ, પૂર્વ સીએમ શિવરાજ સિંહ ચૌહાણ, કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ વીડી શર્મા જેવા મોટા નામો પણ સ્ટાર પ્રચારકોની યાદીમાં સામેલ છે. આ સાથે જ રાજ્ય સરકારના અનેક મંત્રીઓ અને સંગઠન સાથે જોડાયેલા પદાધિકારીઓને પણ પ્રચારની જવાબદારી સોંપવામાં આવી છે. ખાસ વાત એ છે કે તાજેતરમાં કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયેલા પૂર્વ કેન્દ્રીય મંત્રી સુરેશ પચૌરીને પણ ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં સ્થાન મળ્યું છે.બિહારમાં લોકસભા ચૂંટણી પ્રચાર માટે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. આ યાદીમાં કુલ ૪૦ નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે અમિત શાહ, જેપી નડ્ડા, રાજનાથ સિંહ, નીતિન ગડકરી, એમપી સીએમ મોહન યાદવ, બિહારના બંને ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરી, વિજય સિંહાનું નામ છે.



# ગુજરાતમાં સિવીયર હીટવેવની આગાહી : ૪૦ ડિગ્રી સુધી પારો જશે



અમદાવાદ,
રાજયમાં અંગ દઝાડતી ગરમીનો એહસાસ થઈ રહ્યો છે. સોમવારે ધૂળેટીના તહેવારમાં પણ લોકોને આકરી ગરમીનો સામોનો કરવો પડ્યો હતો. મોટાભાગના શહેરોનું તાપમાન ૩૮ ડિગ્રી પાર નોંધાયું હતુ. તો રાજકોટમાં સૌથી વધુ ૩૯.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ગુરૂવાર સુધી ગુજરાતમાં તાપમાનનો પારો ૪૩ને પાર જશે તેવી ચેતવણી છે. તો બીજી તરફ હજી પણ બેવડી ઋતુમાં લોકો બીમાર પડી રહ્યા છે.

રાજયમાં ૨૪ કલાકમાં નોંધાયેલ તાપમાનના આંકડા જોઈએ તો અમદાવાદ ૩૮.૬ ડિગ્રી,ગાંધીનગર ૩૮.૫ ડિગ્રી,ડીસા ૩૮.૪ ડિગ્રી,વડોદરા ૩૮.૬ ડિગ્રી,ભાવનગર ૩૭.૪ ડિગ્રી,રાજકોટ ૩૯.૯ ડિગ્રી,સુરેન્દ્રનગર ૩૯.૫ ડિગ્રી,મહુવા ૩૮.૦ ડિગ્રી,ભુજ ૩૯.૮ ડિગ્રી,કંડલા ૩૭.૬ ડિગ્રી,કેશોદ ૩૮.૫ ડિગ્રી નોંધાયેલ છે

હવામાન વિભાગની આગાહી અનુસાર, રાજયમાં આગામી દિવસોમાં ભીષણ ગરમીનો પ્રકોપ જોવા મળશે. ગુજરાતના મોટાભાગે હિટવેવના વિસ્તારોમાં તાપમાન ૩૯- ૪૦ ડિગ્રી રહેવાની શક્યતા છે. જેમાં પવનની દિશા ઉત્તર પશ્ચિમથી પશ્ચિમ તરફ રહેશે. રાજ્યમાં અંગ દઝાડતી ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે ગુજરાતના અનેક શહેરોમાં હીટવેવની આગાહી કરી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં હીટવેવની આગાહી છે. અહીં પોરબંદર, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, કચ્છમાં ભીષણ ગરમી પડશે. તો ગીર સોમનાથમાં સિવિયર હીટવેવની આગાહી છે. મોટાભાગના શહેરોનું તાપમાન ૩૮ ડિગ્રી ઉપર નોંધાયું છે.

દર વર્ષે માર્ચ મહિનાની શરૂઆતથી ઉનાળાની શરૂઆત થઈ જતી હોય છે, પરંતુ આ વર્ષે અગાઉના વર્ષની તુલનામાં માર્ચ મહિનાનું સામાન્ય તાપમાન ઓછું રહ્યું છે. માર્ચ મહિનાની શરૂઆતમાં કમોસમી વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો થયો હતો, પરંતુ આ મહિનાના બીજા સપ્તાહથી જ તાપમાનથી ગુજરાતવાસીઓને ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા આગામી માર્ચ મહિનાના અંત સુધીમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી સુધી પહોંચે એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ પણ વરસાદની આગાહી કરી છે. તેમણે કહ્યું કે, દિવાળીના બીજા દિવસે એટલે કે બેસતા વર્ષથી હોળી સુધી આકાશમાં જે કસ (ચોમાસામાં વરસાદ થવા માટેનાં વાદળનાં ચિહ્ન) દેખાય તેના ૨૨૫ દિવસ પછી જે વિસ્તારમાં કસ દેખાયો હોય ત્યાં વરસાદ થવાની સંભાવનાઓ રહેતી હોય છે. આ દેશી વિજ્ઞાનની વાત કરીને હાલ જે વાદળો થાય છે તેને પણ કસ ગણવાનો છે. હાલ હોળી નજીક છે ત્યારે આ કસનો છેલ્લો રાઉન્ડ છે.

## વલસાડમાં જૂની અદાવતમાં યુવાનનું અપહરણ કરી ૪ મિત્રોએ કરી હત્યા




વલસાડ,
પુના ગામમાં એક વ્યક્તિનું અપહરણ કર્યા બાદ હત્યાનો મામલો સામે આવ્યો છે. હત્યાની ઘટનાને છૂપાવવા આરોપીઓએ લાશને સળગાવી દીધી હતી. આરોપીના મિત્રના ભાઈની હત્યાનું વેર રાખી વ્યક્તિનું અપહરણ કરી હત્યાના ગુનાને અંકજામ અપાયો હતો.

હત્યાની અદાવતમાં ચાર મિત્રોએ ભેગા મળી એક વ્યક્તિની હત્યા કરી હતી. ગળું દબાવી હત્યા બાદ મૃતદેહને વાપી નજીક સળગાવી દેવાયો હતો. પોલીસને ગેરમાર્ગે દોરવા આરોપીઓ દ્વારા ગોળ-ગોળ જવાબ અપાયા બાદ પોલીસની કડક પૂછપરછમાં એક આરોપીએ ગુનો કબૂલ્યો હતો. મૃતકના અવશેષો કબ્જે લઈ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. હત્યા કેસમાં હજુ ત્રણ આરોપી ફરાર છે જેની પોલીસ શોધખોળ કરી રહી છે.

## ૨૪ કલાકમાં હાર્ટએટેકથી ૪ શહેરના ૬ યુવકના મોત

**સામાન્ય પ્રવૃત્તિ કરતી વખતે પણ આવે છે હૃદયરોગનો હુમલો**

અમદાવાદ,
૨૪ કલાકમાં રાજ્યના સુરત, વડોદરા, ભરૂચ અને ઉનામાં હાર્ટએટેકથી ૨૫થી માંડી ૪૧ વર્ષ સુધીના ૬ યુવકના મોત થયા હતા. સુરતમાં એક જિમ ટ્રેનર સહિત ૩ યુવાન અચાનક બેભાન થઈ ગયા બાદ એટેક આવવાથી તેમનું મૃત્યુ થયાનું નિદાન થયું હતું.

૩૫ વર્ષનો જિમ ટ્રેનર સાહિલ પટેલ સોમવારે ધુળેટી રમ્યા પછી મિત્રો સાથે બેઠો હતો અને એકાએક છાતીમાં દુઃખાવો ઉપડતાં તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાયો હતો. પરંતુ તેને બચાવી શકાયો ન હતો. જ્યારે હજીરામાં ૨૬ વર્ષના આકાશ ચૌહાણનું પણ અચાનક દુઃખાવાની ફરિયાદ સાથે સિવિલ હોસ્પિટલમાં



મૃત્યુ થયું હતું. ગોડાદરામાં રહેતો ૨૯ વર્ષનો સુનિલ વેમુલાને અચાનક ઊલટીઓ થઈ હતી અને હોસ્પિટલમાં ખસેડાતા મૃત જાહેર કરાયો હતો. ત્રણેય કિસ્સામાં યુવકોને ઊલટી અને છાતીમાં દુઃખાવાની ફરિયાદને પગલે હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા.

ઊનામાં હોળીની પ્રદક્ષિણા કરી રહેલા વિવેક સોલંકી નામના ૨૭ વર્ષના યુવકને અચાનક ચક્કર આવતાં તે નીચે પડ્યો હતો. હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાય તે પહેલાં જ તેનું મૃત્યુ થયું હતું. પોસ્ટમોર્ટમ પછી સરકારી હોસ્પિટલના ડોક્ટર મિશ્રાએ કહ્યું કે, હાર્ટએટેકથી મોત થયું હતું.

વડોદરાના કિશનવાડી વિસ્તારમાં રહેતો અક્ષય વસાવા મિત્રના ઘરે બેઠો હતો. વાતો કરતાં કરતાં અચાનક તેની તબિયત બગડતાં સયાજી હોસ્પિટલમાં ખસેડાયો હતો. ડોક્ટરોએ તેને મૃત જાહેર કરતાં મૃત્યુનું કારણ હૃદયરોગનો હુમલો હોવાનું આપ્યું હતું. અન્ય એક બનાવમાં એલેમ્બીક રોડ પાસે રહેતાં એક આધેડને શ્વાસ લેવામાં તકલીફની ફરિયાદ સાથે હોસ્પિટલ લઈ જવાયા હતા. પરંતુ હાર્ટએટેકથી મૃત્યુ થયું હતું.

## ગુજરાતના રાજકારણમાં અસદુદ્દીન ઓવૈસીની એન્ટ્રી



**લોકસભાની ૨ બેઠક પર ઉમેદવાર ઉતારશે**

અમદાવાદ,
ભરુચ લોકસભા બેઠક ઉપર મનસુખ વસાવા સામે ચૈતર વસાવા તેમજ છોટુ વસાવાની પાર્ટી તરફથી જો કોઇ ઉમેદવાર આવે તો એ સિવાય હવે એઆઇએમઆઇએમ પાર્ટીનો પણ ઉમેદવાર જોડાશે. આ ઉપરાંત મહત્વની ગણાતી એવી ગાંધીનગર લોકસભા બેઠક જ્યાંથી દેશના ગૃહ મંત્રી અમિત શાહ લડી રહ્યા છે એ બેઠક ઉપર પણ એઆઇએમઆઇએમ ઉમેદવાર ઉતારશે. એઆઇએમઆઇએમએ ઉમેદવારની પસંદગી માટેની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ભરૂચમાં ભાજપ અને ઈન્ડિયા' સામે એઆઇએમઆઇએમ લડશે. મહત્વની વાત એ છે કે એઆઇએમઆઇએમની એન્ટ્રી માત્રથી રાજકીય સમીકરણોમાં પરિવર્તન આવશે.

## દુષ્કર્મ કેસમાં બલ્ગેરિયન યુવતી દ્વારા CBI તપાસની કરાઈ માગણી

**બલ્ગેરિયન યુવતીના વકીલે સમરીમાં કાઢેલી ખામીઓને લઈને પોલીસને જવાબ રજૂ કરવા નોટિસ પણ પાઠવી**

અમદાવાદ
બલ્ગેરિયન યુવતી દુષ્કર્મ કેસમાં પોલીસે તપાસ પૂર્ણ કરીને આ કેસમાં જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ પૂરતા પુરાવા ઉપલબ્ધ ના હોવાની થિયરી સાથે છ સમરી ફાઈલ કરી હતી. જો કે, ત્યારબાદ યુવતી મીડિયા સમક્ષ ઉપસ્થિત થઈ હતી. જેને પોલીસ ઉપર યોગ્ય રીતે તપાસ ના કરવાનો અને તેને આપેલા સાક્ષીઓને નહીં તપાસવાનો આક્ષેપ કર્યો હતો. સાથે જ સાક્ષીઓના નામ કેડિલા પાસે પહોંચી જતાં હોવાનું જણાવ્યું હતું.

પોલીસે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં ફાઈલ કરેલી આશરે ૧૮૦૦ પેજની સમરીની સર્ટિફાઇડ કોપી યુવતી દ્વારા માંગવામાં આવી હતી. જે તેને ૨૩ માર્ચે મળી હતી. આ સમરીના અભ્યાસ બાદ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં તેનો વિરોધ પીડિત પક્ષે કર્યો હતો. પીડિત પક્ષ દ્વારા પોલીસ તપાસમાં જે ખામીઓ રહી ગઈ છે. તેને અમદાવાદ ગ્રામ્ય કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. જેના આધારે પીડિત પક્ષે આ કેસને હાઈકોર્ટને રીફર કરવા માટે ગ્રામ્ય કોર્ટ સમક્ષ માગ કરી છે.

## નશાની હાલતમાં સગા બાપે ૧૧ વર્ષની પુત્રીની આબરૂ લૂંટવાની કરી કોશિષ

**અમદાવાદમાં શર્મસાર કરતો કિસ્સો સામે આવ્યો**

અમદાવાદ
અમદાવાદમાં પિતા પુત્રીના સંબંધોને શર્મસાર કરતો કિસ્સો સામે આવ્યો છે. રામોલમાં નશાની હાલતમાં પિતાએ પોતાની સગી દીકરી સાથે અડપલા કરી આબરૂ લેવાની કોશિષ કરી છે, જોકે ૧૧ વર્ષની સગીરાએ પ્રતિકાર કરતા પિતા ઘરમાંથી જતો રહ્યો અને આ અંગે પરિવારના અન્ય સભ્યોને જાણ થતાં પોલીસ મથકે દીકરી સાથે છેડતી કરનાર નરાધમ પિતાની ધરપકડ કરી છે.

રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ આરોપી બે દીકરીઓ અને બે બહેન-બનેવી સાથે રહે છે. આરોપીની પત્નીનું ૧૧ વર્ષ પહેલાં અવસાન થયું હતું. તેને સંતાનમાં બે દીકરીઓ છે જેમાં મોટી દીકરી હાલ ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે.

## યુનેસ્કોએ ગરબાને નવી ઓળખ આપી અમૂર્ત સાંસ્કૃતિક ધરોહરનું પ્રમાણપત્ર આપ્યું

ગાંધીનગર,
ગુજરાતના દર વર્ષ નવરાત્રિના સમયે ૯ દિવસના ગરબાનું આયોજન થાય છે. જેમાં હજારોની સંખ્યામાં લોકો એક સાથે માં અંબેની આરાધનાના પર્વને સેલિબ્રેટ કરે છે. ગુજરાતની સંસ્કૃતિ અને માં અંબાની આરાધનાથી જોડાયેલા ગરબા આયોજન રાજ્યની સંસ્કૃતિને અભિવ્યક્ત કરે છે. ગુજરાતના ગરબાને યુનેસ્કોએ વૈશ્વિક ઓળખ આપતા અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર જાહેર કરાઈ હતી. ગુજરાતના ગરબા હવે દેશવિદેશમાં ખ્યાતિ પામી રહ્યાં છે. ત્યારે ગુજરાતના ગરબાએ વધુ એક સિદ્ધી મેળવી છે. યુનેસ્કોએ ૬ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ ગરબાને આ સન્માનની જાહેરાત કરવામાં આવી હતી. ૨૨ માર્ચ ૨૦૨૪ના રોજ આ સન્માન યુનેસ્કોના ડાયરેક્ટર



જનરલે પેરિસમાં ગુજરાત સરકારના મંત્રી હર્ષ સંઘવી અને પ્રફુલ પાનસેરિયાની આપ્યું છે. આમ, યુનેસ્કો દ્વારા ગુજરાતનું ગૌરવ અને સાંસ્કૃતિક વિરાસત સમા ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર' જાહેર કરતું પ્રમાણપત્ર ગુજરાતને અર્પણ કરવામાં આવ્યું છે.

## અમેરિકામાં ગાંધીનગરના ૨૩ વર્ષીય યુવક પોન્ઝી સ્કેમમાં ફસાયો




ગાંધીનગર,
વિદેશમાં મોટા પ્રમાણમાં રૂપિયા કમાવવાની લાલચે દેશના અનેક યુવાનો ફસાઈ ચૂક્યા છે, ત્યારે આ વચ્ચે રાજ્યના પાટનગર ગાંધીનગરનો એક ૨૩ વર્ષીય યુવક પોન્ઝી સ્કેમમાં ફસાયો હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ, યુએસના અલાબામામાં ગાંધીનગરના ૨૩ વર્ષીય યુવક પર ૪,૦૦,૦૦૦ ડોલરના પોન્ઝી કૌભાંડનો આરોપ મૂકવામાં આવ્યો છે. આરોપી પથ્યમ પટેલે રજીસ્ટ્રેશન વગર જ સિક્યોરિટીઝ વેચવાનું શરૂ કર્યું અને મોટા વળતરની બાંયધરી આપ્યા બાદ પૈસા વસૂલવાનું ચાલુ રાખ્યું હતું.આ ઉપરાંત તેણે ક્યારેય સિક્યોરિટીમાં રોકાણ કર્યું ન હતું. સાથે સાથે તેણે તેનો ઉપયોગ તેના અંગત ખર્ચને પહોંચી વળવા માટે કર્યો હતો.

## પાંચ લાખથી ઓછી લીડ આવશે તે હું નહીં ચલાવી લઉં - પાટીલ

**દરેક ધારાસભ્ય પોતાના વિસ્તારમાં ૧ લાખની લીડ લાવે તેવી અપીલ કરી**

અમદાવાદ
ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે મળેલી બેઠકમાં સી આર પાટીલે કહ્યું કે, કોઈ તકલીફ હોય તો અત્યારથી કહી દેજો, જેથી તેનુ નિરાકરણ કરી શકાય, બાકી પાંચ લાખથી ઓછી લીડ સ્વીકાર્ય નથી.

લોકસભા ચૂંટણીને લઈને કાર્યકરોને મહત્વપૂર્ણ ટકોર કરતા કહ્યું કે, ચૂંટણીમાં ટિકિટ કોઈ એક ને જ આપી શકાય. સમર્થકો હશે પણ તમને જે પદ મળે તેમાં સક્ષમ બનો. ''પ્રયાસ પ્રમાણિક હશે તો પાર્ટીને પરિણામ મળશે જ'' તેમજ તેમણે જણાવ્યુ છે કે, કોઈપણ તકલીફ હોય



તો તરત જ મને જાણ કરો'' નુકશાન થઈ ગયા બાદ કારણો જાણવામાં કોઈ રસ નથી. આ સાથે જ સી આર પાટીલે બેઠકમાં જણાવ્યું કે, ૫ લાખની લીડમાં મુશ્કેલી હોય તો મને કહો. તેમજ દરેક ધારાસભ્ય પોતાના વિસ્તારમાં ૧ લાખની લીડ લાવે તેવી અપીલ કરી હતી.

પોણા પાંચ લાખની લીડ આવશે તો કોઈ બહાનું નહી ચલાવામાં આવે. તેમજ જણાવ્યુ છે કે નકલી મતદારને મતદાન કરતા રોકવામાં આવે ૩ દિવસમાં લાભાર્થી અને પેજ કમિટી સભ્યો પૂર્ણ સંપર્ક કરવામાં આવે તેવી માહિતી આપવામાં આવી હતી. બૂથમાં ઓછામાં ઓછા ૧૫૦ અને વધુમાં વધુ ૨૫૦ ભાજપના ઝંડા લગાવો. ૧૦૧ ધારાસભ્ય, લાભાર્થી સંપર્ક, પેજ કમિટી સભ્ય, ભાજપના ઝંડા લગાવા માટે માહિતી આપી. તેમજ નક્કી કરાય તેનાથી એક રૂપિયો વધુ ખર્ચ ન થાય તેની પણ ચેતાવણી આપવામાં આવી હતી.

## ભીખાજીને ટિકિટ આપ્યા બાદ ઉમેદવારી પરત ખેંચાતા વિરોધ શિસ્તબદ્ધ પાર્ટીમાં સાબરકાંઠા સળગ્યું

હિંમતનગર,
સાબરકાંઠા લોકસભા બેઠક ફરી ચર્ચામાં આવી છે. ભાજપે જાહેર કરેલા મહિલા ઉમેદવાર સામે વિરોધનો સૂર ઉઠ્યો છે. ભાજપે પહેલા અહીંથી ભીખાજી ઠાકોરને ટિકિટ આપી હતી, જેમણે પાછી પાની કરતા શોભનાબેન બારૈયાને ટિકિટ આપી છે. ત્યારે હવે શોભનાબેન કાર્યકર્તા પણ ન હોવાથી વિરોધ કરાયો છે. તાલુકા પંચાયતના સભ્યએ પત્ર લખી વિરોધ કર્યો છે. હિંમતનગર તાલુકા પંચાયતના સભ્ય જિતેન્દ્રસિંહએ પત્ર લખી વિરોધ કર્યો છે. મૂળ કોંગ્રેસની નેતાના પત્નીને ટિકિટ આપતા ભાજપના કાર્યકર્તાઓમાં ભારે નારાજગી જોવા મળી છે. જેને પગલે મેઘરજમાં બંધ રાખીને રેલી કાઢવામાં આવી છે. ભાજપના કાર્યકરોએ કહ્યું કે, કોંગ્રેસનો ભરતીમેળો ભાજપને જ ભારે પડ્યો છે.

## સ્વાઈન ફ્લૂના કેસમાં એકાએક વધારો

**એક જ મહિનામાં સ્વાઈન ફ્લૂના ૧૮૦ કેસ નોંધાયા, ૯ લોકોના મોત**




અમદાવાદ,
ગુજરાતમાં એક તરફ બેવડી ઋતુનો માર છે. આ વચ્ચે અંગ દઝાડતી ગરમી આવી ગઈ છે. બેવડી ઋતુમાં લોકો બીમાર પડી રહ્યાં છે. ત્યારે હવે ગુજરાતમાં નવી બીમારીએ દસ્તક આપી છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લૂથી બચીને રહેવાનો સમય આવ્યો છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લૂના કેસમાં એકાએક વધારો થયો છે. એક જ મહિનામાં સ્વાઈન ફ્લૂના રાજ્યસભરમાં ૧૮૦ કેસ નોંધાયા છે. જેમાં ૯ લોકોના તો મોત થયા છે. સ્વાઈન ફ્લૂના સૌથી વધુ કેસમાં ગુજરાત દેશભરમાં ચોથા સ્થાને છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લૂના કેસ વધી રહ્યા છે જેથી વધતા સ્વાઈન ફ્લૂના કેસના કારણે આરોગ્ય વિભાગની પણ ચિંતા વધી છે. છેલ્લા એક મહિનામાં સ્વાઈન ફ્લૂના ૧૮૦ કેસ આવ્યા છે. નવા વર્ષ ૨૦૨૪ માં સ્વાઈન ફ્લુનો કહેર જોવા મળ્યો છે. નવા વર્ષમા સ્વાઈન ફ્લૂથી ૯ લોકોના મોતના કેસ આવ્યા છે. માત્ર બે નહિમાં સ્વાઈ ફ્લૂના ગુજરાતમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. દેશભરમાં ગુજરાત સ્વાઈન ફ્લૂના કેસમાં ચોથા સ્થાને છે. સમગ્ર દેશમાં આ વર્ષે જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં જ સ્વાઈનફ્લૂના ૨૫૪૫ કેસ નોંધાયા હતા. જેમાં દેશભરમાંથી કુલ ૭૭ લોકોના બે મહિનામાં મોત થયા છે. તબીબોના મતે સ્વાઈન ફ્લૂ મિક્સ ઋતુને કારણે વકર્યો છે. ઠંડી તેમજ ભેજવાળા વાતાવરણમાં સ્વાઈન ફ્લૂના કેસમાં વધારો થાય છે. હવે ઉનાળામાં ગરમી વધશે તેમ સ્વાઈન ફ્લુના કેસ ઘટશે તેવી શક્યતા જોવાઈ રહી છે.

## નકલી માર્કશીટ અને બોગસ ડીગ્રી કૌભાંડમાં વધુ એક આરોપીની દિલ્લીના હરિયાણા ખાતેથી ધરપકડ

**સિંગણપોર પોલીસે ૬૦ જેટલી બોગસ ડિગ્રીઓ અને માર્કશીટ સાથે આરોપીને ઝડપી પડ્યો**

સુરત,
સુરતની સિંગણપોર પોલીસ દ્વારા નકલી માર્કશીટ અને બોગસ ડીગ્રી કૌભાંડમાં વધુ એક આરોપીની દિલ્લીના હરિયાણા ખાતેથી સિંગણપોર પોલીસે ૬૦ જેટલી બોગસ ડિગ્રીઓ અને માર્કશીટ સાથે આરોપીને ઝડપી પાડી ધરપકડ કરી છે. જ્યારે સમગ્ર કૌભાંડમાં સામેલ અન્ય આરોપીઓની પણ પોલીસ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે હમણાં સુધી કુલ છ આરોપીઓની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. જેમાં બોગસ ડીગ્રીનો ઉપયોગ કરનારા આરોપીઓનો પણ સમાવેશ થાય છે. સુરતના સિંગણપોર વિસ્તારમાંથી પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવેલા આંતરરાષ્ટ્રીય નકલી માર્કશીટ અને બોગસ ડિગ્રી બનાવવાના કૌભાંડ મામલે વધુ એક આરોપીની પોલીસે દિલ્હીના હરિયાણા ખાતેથી ધરપકડ કરી છે. સુરત ડીસીપી પિનાકીન પરમારના જણાવ્યા અનુસાર, ૨૧ માર્ચના રોજ સુરત સીંગણપોર પોલીસ દ્વારા નકલી માર્કશીટ અને બોગસ ડિગ્રી બનાવવાના રાષ્ટ્રવ્યાપી કૌભાંડનો પર્દાફાશ કરી નિલેશ સાવલિયા નામના શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. જે આરોપી પાસેથી લેપટોપ, કોમ્પ્યુટર સહિત ૧૩૭ અલગ અલગ રાજ્યના શિક્ષણ બોર્ડની નકલી માર્કશીટ અને જુદી જુદી યુનિવર્સિટીઓની બોગસ ડિગ્રીઓ કબજે કરવામાં આવી હતી. જે આરોપીની પૂછપરછ માં ફરીદાબાદના મનોજકુમાર નામના શખ્સ સામે આવ્યું હતું.

# હોલી વિકેન્ડને ઉમંગ-ઉલ્લાસ અને રંગોથી ભરી દેતું ફનટોપિયા











### ૩૦થી વધુ સ્ટોલ, વિવિધ ગેમ્સ અને એક્ટિવિટીમાં તરબોળ થયા બાળકો

ભાવનગર, તા.૨૬

ભાવનગરમાં હોલી વિકેન્ડને વિશિષ્ટ અને યાદગાર બનાવવા શહેરના કાળિયાબીડ SSPS સ્કૂલ, જીફસ કેમ્પસ ખાતે શનિ અને રવિવાર બે દિવસ ફનટોપિયા ઈવેન્ટ યોજાઈ ગઈ. જેણે હોલિ વિકેન્ડને ઉમંગ-ઉલ્લાસ અને રંગોથી ભરી દીધુ હતું. ભાવનગર સ્ટેટના કુંવરી સાહીબા તથા ટ્રસ્ટી ઈન્દ્રજીતસિંહ, હર્ષરાજભાઈ, SID ના મનસુખ સર અને મોટીવેશનલ સ્પીકર નેહલ ગઢવી વિગેરેની ઉપસ્થિતિ ઉત્સાહપ્રેરક રહી હતી.

ભાવનગરની જાણીતી શૈક્ષણિક સંસ્થા સ્મોલ વન્ડર્સ તથા રીના ગોયેલ અને સેમસંગ સ્માર્ટ કાફે- સુપ્રિમ ઈલેક્ટ્રોનિક્સ પ્રસ્તુત ફનટોપિયા સંપૂર્ણ ફેમીલી ઈવેન્ટ રહી હતી. ઈવેન્ટમાં લા પીનોઝ અને જિગીષા મસરાણી - અંબિકા પ્લાયવુડ ટીકીટ સ્પેન્સર રહેલ. હોલિ વિકેન્ડના બન્ને દિવસોમાં સાંજે ૬ વાગ્યાથી SVM કેમ્પસ ખાતે જલ્સો યોજાયો હતો જેમાં ૩૦થી વધુ સ્ટોલ, વિવિધ ગેમ્સ અને એક્ટિવિટીમાં બાળકો તરબોળ થયા હતાં. ફુડ સ્ટોલ, શોપીંગ સ્ટોલ, ગેમ્સ સ્ટોલ, લાઈવ વર્કશોપ, ડ્રોઈંગ કોમ્પીટીશન તથા મધર અને ચાઈલ્ડ માટે ફાયરલેસ કુકીંગ, ડાન્સ કોમ્પિટીશન, ગ્રુપ પર્ફોમન્સ, અંતાક્ષરી, હાઉઝી વિગેરેએ આ ઈવેન્ટને યાદગાર અને વિશિષ્ટ બનાવી હતી. નગરજનોનો અનુભવ ખુબ જ સુંદર રહ્યો હતો.

# શિશુવિહાર સંસ્થામાં દાતાઓ દ્વારા સાધન સહાય અર્પણ

ભાવનગર, તા.૨૬

ભાવનગરની સેવા સુવાસના પ્રતીક રૂપી શિશુવિહાર સંસ્થા સમાજના વિવિધ વર્ગોની જરૂરિયાતો સમજી તેને સહાયરૂપ થવાના પ્રયાસ કરે છે. સાંપ્રત સમસ્યાઓના ઉકેલ માટે માત્ર વિચારો નહી, પરંતુ કાર્ય યોજનાઓ અમલમાં મૂકી પ્રશ્નોના ઉપાય માટે પ્રયત્નશીલ રહે છે. આવી જ એક સમસ્યા છે દરદીઓને સારવાર દરમ્યાન વપરાતા સાધનોની માંદગી પછીની જરૂરિયાત લોકો સુધી પહોચી વળવા શિશુવિહાર સંસ્થા દ્વારા વર્ષ ૧૯૬૦ માં માંદગી સાધન સહાય કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે.કુટુંબ માં લાંબી માંદગીના કે અકસ્માત સમયે તાત્કાલિક સારવારના હેતુ થી કેટલાક સાધનોની ટૂંકાગાળા માટેની અનિવાર્યતાની કાળજી લેતા કેન્દ્રમાં એરબેડ , વ્હીલચેર , વોકર, સ્ટીક , કમોડ ચેર , બેડપાન , બેડ વગેરે સાધનો ડિપોજીત લઈને આપવામાં આવે છે. સ્વ. વાલીમાં પ્રેમજીભાઈની પ્રેરણાથી શરૂ થયેલ આ સેવાને વર્ષ ૨૦૧૦-૨૦૨૩ દરમ્યાન ૮,૭૫૬ દર્દીઓ લાભાન્વિત થયા છે. સ્વ. ફુલચંદભાઈ તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટની સહાય મળતા પ્રતિવર્ષ ૮૦૦ થી વધુ જરૂરિયાતમંદો લાભ મેળવી રહ્યા છે. દાતાઓની સહાય થી દર વર્ષે નવા સાધનો વસાવવામાં આવે છે. કેટલાક દાતાઓ તરફ થી ભેટ સ્વરૂપે પણ સાધનો મળે છે. સાધન સહાય કેન્દ્રમાં અધતન સાધનો મૂકવામાં આવતા નાગરિકોની જરૂરિયાત પ્રમાણે સમય અને રોગ અનુસાર સાધનો મળી રહે છે. જે નોંધનીય બને છે.

# સણોસરામાં આકાશ અને બ્રહ્માંડ દર્શનની કાર્યશાળા 'ચાલો, ગગનને નીરખીએ...'

### સ્વર્ગસ્થ બળવંતભાઈ પારેખ જન્મશતાબ્દી નિમિત્તે લોકભારતીમાં આયોજનમાં નોંધણી કરાવી ભાગ લઈ શકાશે

ઈશ્વરિયા, તા.૨૭

લોકભારતી સણોસરામાં સ્વર્ગસ્થ બળવંતભાઈ પારેખ જન્મશતાબ્દી નિમિત્તે આગામી રવિવારે આકાશ અને બ્રહ્માંડ દર્શન કાર્યશાળા 'ચાલો, ગગનને નીરખીએ...' યોજાશે. આ આયોજનમાં ફરજિયાત નોંધણી કરાવી ભાગ લઈ શકાશે.

લોકવિજ્ઞાન કેન્દ્ર લોકભારતી સણોસરા અને વિજ્ઞાનનગરી ભાવનગર દ્વારા આગામી રવિવારે આકાશ દર્શન અને બ્રહ્માંડ દર્શનની એક દિવસીય કાર્યશાળા 'ચાલો, ગગનને નીરખીએ...' યોજાશે. સ્વર્ગસ્થ બળવંતભાઈ પારેખ જન્મ શતાબ્દી નિમિત્તે થયેલાં આયોજન મુજબ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરામાં રવિવાર તા. ૩૧ બપોરે ૨-૩૦ કલાકે ખગોળ વિજ્ઞાની અરુણભાઈ દવે ઉદ્ઘાટન સાથે ચાવીરૂપ વક્તવ્ય આપશે. સાંજે ૪-૩૦ કલાકે બ્રહ્માંડ અસ્તિત્વ પરિબળો વિશે જામનગરનાં ખગોળ રસિક અમિતભાઈ વ્યાસ માર્ગદર્શન જાણકારી આપશે.




રાત્રે ૮ કલાકે આકાશ દર્શન સાથે પૌરાણિક કથાઓની વિગતો આ કાર્યશાળાનાં સંયોજકો હસમુખભાઈ દેવમુરારિ અને ધરતીબેન જોગરાણા આપનાર છે.

આ કાર્યશાળા આયોજનમાં ફરજિયાત નોંધણી (કાર્યાલય સમય દરમિયાન સંપર્ક ૦૨૮૪૬ ૨૮૩૫૨૮ ઉપર) કરાવી ભાગ લઈ શકાશે. નિયત નોંધણી www.lokbharti.org ઉપર થઈ શકશે.

# પ્રથમ પ્રયોગ : ડો.ઓમ ત્રિવેદી દ્વારા પબ્લિક ફંક્શનને યજ્ઞ થેરાપી દ્વારા સેનેટાઈઝ કરાયું

### જવાહર મેદાન ખાતે બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં યજ્ઞ થેરાપીનો કરાયો પ્રયોગ

ભાવનગર, તા.૨૭

તાજેતરમાં તા.૨૧ માર્ચના રોજ ભાવનગર શહેરના જવાહરમેદાન ખાતે બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા સામાજિક કાર્યક્રમ યોજાયેલ. કાર્યક્રમમાં ઉપસ્થિત સાધકોને ઉત્તમ સ્વાસ્થ્ય પ્રદાન કરવા તથા દિવ્ય વાતાવરણનું નિર્માણ કરવાના હેતુથી શહેરના પ્રતિષ્ઠિત સેવાભાવી ઉદ્યોગપતિ નિશીથભાઈ મેહતાના સહયોગથી વૈદિક વિજ્ઞાન આધારિત યજ્ઞ થેરાપી દ્વારા યજ્ઞ થેરેપિસ્ટ ડો.ઓમભાઈ ત્રિવેદી દ્વારા તેમની સંશોધિત યજ્ઞસામગ્રી અને પદ્ધતિ દ્વારા સમગ્ર કાર્યક્રમ દરમ્યાન "મેડિસિનલ સ્મોકનું ડોમ કવચ" નિર્માણ કરી સમગ્ર કાર્યક્રમ





પરિસરનું સેનેટાઈઝેશન કરાયું હતું. દિવ્ય વાતાવરણ નિર્માણ કરી ઉપસ્થિત સાધકોને સંભવિત બેક્ટેરિયલ /વાયરલ ઈન્ફેકશન સામે રક્ષણ આપવા સફળ પ્રયાસ કરેલ.

આ કાર્યક્રમમાં અંદાજે ૮થી ૧૦ હજાર જેટલા સાધકો ઉપસ્થિત રહેલ તેમજ ૭૪ કરતા વધુ આયુર્વેદિક ઔષધિઓ મિશ્રિત ડો.ઓમભાઈ ત્રિવેદી સંશોધિત યજ્ઞસામગ્રી, ગાયના ઘી સહિતના દ્રવ્યોનો ઉપયોગ કરી ૨૫ મોબાઈલ યજ્ઞકુંડ અને ૩૦ થી વધુ સ્વયંસેવકો સાથે યજ્ઞથેરેપી આધારિત સેનેટાઈઝેશનનો દેશમાં પ્રથમ સફળ પ્રયોગ કરવામાં આવેલ.

આ સાથે અપીલ કરવામાં આવે છે કે લોકો નિયમિત સ્વરૂપે અઠવાડિક આ વૈદિક વિજ્ઞાન આધારિત વૈજ્ઞાનિક યજ્ઞ પોતાના સ્થાને કરવાની આદત કેળવશે તો ઉત્તમ સ્વાસ્થ્યની ભેટ સદાય મળતી રહેશે તેમજ આ કાર્યના નિઃશુલ્ક માર્ગદર્શન માટે ૯૯૨૪૩૪૩૫૩૬ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# ધુળેટી નિમીતે જ્ઞાનગુરૂ વિદ્યાપીઠમાં ઉજવાઈ ફૂલો વાલી હોલી

ભાવનગર, તા.૨૭

શહેરની જ્ઞાનગુરુ વિદ્યાપીઠ સાગવાડી ખાતે હોળી પર્વ નિમિત્તે વિદ્યાર્થીઓમાં ભારતીય ઉત્સવો અને તેનું મહત્વ સમજાવવાના ઉદ્દેશથી ખાસ 'ફૂલો વાલી હોલી' શીર્ષક અંતર્ગત હોળી અને ધુળેટીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવેલ.જેમાં વિશાલ સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોડાયેલ. જેમાં બાકે બિહારી, બાલ ભગવાન શ્રીકૃષ્ણના રાસ પર તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો કેસુડાના ફૂલોની વર્ષા કરીને સંગીતના તાલે જૂમ્યા હતા અને સાથે આધુનિક નુકસાન કારક કલરનો ઉપયોગ ન કરવો, પાણીની ઉપયોગ કર્યા વગર ધૂળેટીની ઉજવણી કરવા સમજ સાથે એવા સંદેશ આપી બાળકોએ કંઈક નવીનતમ પ્રાપ્ત કર્યું અને સાક્ષાત હરિની હાજરી અને સાક્ષાત વૃંદાવન જેવું વાતાવરણ જ્ઞાનગુરુ વિદ્યાપીઠ સાગવાડી ખાતે ખડું થયું હતું.આ ઉપરાંત સ્કૂલના પ્રિન્સીપાલ દ્વારા આપણે શા માટે હોળી અને ધુળેટી પર્વની ઉજવણી કરીએ



છીએ એ બાબતમાં પ્રહલાદ, હિરણ્ય કશ્યપ વગેરે વાતો રસાળ શૈલીમાં સમજાવવામાં આવેલ. ઉપરાંત વિવિધ હોળીના ગીતો પર વિદ્યાર્થીઓએ નૃત્ય કરેલ. કેસૂડાના ફૂલો સાથે ઉજવણી કરવામાં આવેલ. કેસુડાનું મહત્વ સમજાવવામાં આવેલ. જેમાં તમામ શિક્ષક મિત્રો, પ્રિન્સિપાલ તથા કેમ્પસ ડિરેક્ટરે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર મનહરભાઈ રાઠોડ તથા મિતલબેન રાઠોડે હાજરી આપી બાળકોને હોળી ધૂળેટીની શુભેચ્છાઓ શુભેચ્છાઓ પાઠવી હતી.

# ભાવનગર-બાન્દ્રા વીકલી, ભાવ.-ગાંધીગ્રામ, ભાવ.-ધોળા સહિત ટ્રેનો જુન સુધી લંબાવાઈ

### ઉનાળાની રજાઓને ધ્યાનમાં રાખી રેલવે પ્રશાસનનો નિર્ણય

ભાવનગર, તા.૨૭

ભાવનગર-બાન્દ્રા વીકલી, ભાવનગર-ગાંધીગ્રામ, ભાવનગર-ધોળા સહિત ભાવનગરથી દોડતી પાંચ જોડી ટ્રેન વધુ ત્રણ માસ માટે લંબાવવાનો નિર્ણય રેલવે પ્રશાસન દ્વારા કરવામાં આવ્યો છે.

જે ટ્રેનોની સમયમર્યાદા માર્ચ, ૨૦૨૪ સુધી નક્કી કરવામાં આવી હતી તે ભાવનગર રેલવે ડિવિઝનમાં દોડતી પાંચ જોડી ટ્રેનને ઉનાળાની રજાઓ અને લગ્નની સિઝનમાં ટ્રેનોમાં ભીડને ધ્યાનમાં રાખીને મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ જૂન મહિના સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.

ભાવનગર ડીવિઝનના સીનિયર ડીસીએમ માશૂક અહમદના જણાવ્યા મુજબ ટ્રેન નંબર ૦૯૨૦૮ ભાવનગર-બાંદ્રા સાપ્તાહિક ટ્રેન જે દર ગુરુવારે ભાવનગર ટર્મિનસ સ્ટેશનથી દોડે છે તે ૨૭.૦૬.૨૦૨૪ સુધી ચાલશે. ટ્રેન નંબર ૦૯૨૦૭ બાંદ્રા ટર્મિનસ સ્ટેશનથી દર શુક્રવારે ચાલતી બાંદ્રા-ભાવનગર સાપ્તાહિક ટ્રેન ૨૮.૦૬.૨૦૨૪ સુધી ચાલશે. ટ્રેન નંબર ૦૯૨૧૨/૦૯૨૧૧ બોટાદ-ગાંધીગ્રામ-બોટાદ ટ્રેન ૨૯.૦૬.૨૦૨૪ સુધી ચાલશે. ટ્રેન નંબર ૦૯૨૧૩/૦૯૨૧૪ બોટાદ-ધ્રાંગધ્રા-બોટાદ ડેમુ ટ્રેન ૨૯.૦૬.૨૦૨૪ સુધી ચાલશે. ટ્રેન નંબર ૦૯૨૧૬/૦૯૨૧૫ ભાવનગર-ગાંધીગ્રામ-ભાવનગર ટ્રેન ૨૯.૦૬.૨૦૨૪ સુધી ચાલશે અને ટ્રેન નંબર ૦૯૫૩૦ ભાવનગર-ધોળા ટ્રેન ૨૯.૦૬.૨૦૨૪ સુધી ચાલશે અને ટ્રેન નંબર ૦૯૫૨૯ ધોળા-ભાવનગર ટ્રેન ૩૦.૦૬.૨૦૨૪ સુધી ચાલશે.

### હર્ષા દવે, નેહા પુરોહિત, જિજ્ઞા ત્રિવેદી અને અંજના ગોસ્વામીની પસંદગી

# ભારતીય લેખિકા સંમેલન- જુહી મેલા- ૨૦૨૪ માટે ભાવનગરની કવયત્રિઓની પસંદગી

### હર્ષા દવેને શ્રીમતી કોકીલ- હીરા કાવ્ય કલા પારિતોષિક રૂપે રૂપિયા ૧૧,૦૦૦ નો રોકડ પુરસ્કાર પ્રાપ્ત થશે









ભાવનગર, તા.૨૭

વિશ્વભારતી સંસ્થાનના પ્રમુખ ડો. ઉષાબેન ઉપાધ્યાયના માર્ગદર્શનમાં દર વર્ષે જુહીમેળાનું આયોજન થાય છે. આ કાર્યક્રમમાં સમગ્ર દેશમાંથી વિવિધ ક્ષેત્રની સાહિત્ય ક્ષેત્રની બહેનોને પસંદ કરીને આમંત્રિત કરવામાં આવે છે. જેમાં આ વર્ષે ભાવનગરની ચાર કવયીત્રિઓનો સમાવેશ થયો છે તે ગૌરવની વાત છે.

હર્ષા દવે, નેહા પુરોહિત, જીજ્ઞા ત્રિવેદી અને અંજના ગોસ્વામી આ જુહી મેળામાં પોતાની રચનાઓની પ્રસ્તુતિ કરશે. શ્રીમતી હર્ષા દવેને આ કાર્યક્રમમાં પ્રતિષ્ઠિત પુરસ્કાર તથા રૂપિયા ૧૧,૦૦૦ નું રોકડ પારિતોષિક પ્રાપ્ત થશે તથા અંજના ગોસ્વામી દ્વારા સત્ર સંચાલન પણ કરવામાં આવશે. બુધસભા સાથે જોડાયેલી આ ચારેય કવયીત્રીઓની પસંદગીને સાહિત્ય રસિકોએ આવકારીને અભિનંદન પાઠવેલ છે.

# ઈશ્વરિયા આંગણવાડીના બાળકો હોળી રમ્યા



હોળી ધૂળેટીનાં આવેલાં પર્વ પ્રસંગે ઈશ્વરિયા ગામે ઈશ્વરપુર આંગણવાડી કેન્દ્રમાં રંગ ઉત્સવ મનાવાયો. સંકલિત બાળ વિકાસ યોજનાનાં ફરજ પરનાં અધિકારી હેમાબેન દવેની ઉપસ્થિતિમાં કેન્દ્ર સંચાલક નિધિબેન દવે અને સહાયક રિનાબેન પરમારનાં સંકલન સાથે બાળકોએ એક બીજાને રંગીને મજા માણી. અહીંયા અગ્રણીઓ લલિતભાઈ ત્રિવેદી, મૂકેશકુમાર પંડિત તથા લાલાભાઈ ગોહિલની પ્રેરક ઉપસ્થિતિ રહી.

# સ્વામી વિવેકાનંદ સેના માર્તુશકિત આયામ દ્વારા શહીદોને પુષ્પાંજલી અર્પિત કરાઈ

ભાવનગર, તા.૨૬

૨૩ માર્ચ શહિદ દિવસ નિમિતે સ્વામી વિવેકાનંદ સેના માર્તુશકિત આયામ દ્વારા શહેરના બે સ્થાનો દશા પાલીવાલ કન્યા છાત્રાલય તથા સુભગ મહિલા ઉત્કર્ષ કેન્દ્ર ખાતે શહિદ દિવસે શહીદોને યાદ કરવામાં આવ્યા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કર્યા બાદ સંઘગીત, શહીદોના મુખે બોલાયેલા અમૃતવચન સાથે સ્વામી વિવેકાનંદ સેનાના ઉદ્દેશ્ય સંગઠન, સામર્થ્ય અને સેવા દ્વારા વ્યક્તિત્વ નિર્માણના કાર્યની અભિવ્યક્તિ કરવામાં આવી.

કાર્યક્રમમાં શહીદ દિન વિષયક વક્તવ્ય શુભગ મહિલા ઉત્કર્ષ કેન્દ્રના પ્રમુખ સુમનબેન ચૌધરી દ્વારા માતૃશક્તિ દ્વારા રાષ્ટ્રસેવામાં સહયોગ તથા દેશના ક્રાંતિકારીઓના બલિદાનંની રજૂઆત કરવામાં આવી તથા દશા પાલીવાળ સમાજના મંત્રી જેરામભાઈ જાની દ્વારા વક્તવ્યનો મધ્યવર્તી વિચાર સાંપ્રત સમયમાં રાષ્ટ્રની સેવા બલિદાન આપીને




નહીં. પણ દેશ માટે જીવીને કરવાની છે. તે શ્રોતા સમક્ષ રજૂ કરવામાં આવ્યો. શાંતિ મંત્ર દ્વારા કાર્યક્રમની સમાપ્તિ થઈ. સમગ્ર કાર્યક્રમનું આયોજન પાયલબેન ગળથરીયા તથા વિદ્યાર્થી આયામના કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવ્યું હતુ.

# શિશુવિહાર સંસ્થા દ્વારા સીવણના સંચાની ભેટ




શિશુવિહાર સંસ્થામાં ૧૯૪૦થી ચાલતા સીવણ વર્ગની પ્રવૃત્તિ પ્રોત્સાહન માટે ભાવનગરના રોટરી રાઉન ટાઉન તરફથી તા.૨૧ માર્ચના રોજ રોટરી રાઉન્ડ ટાઉનના પ્રેસિડેન્ટ મહર્ષિભાઈ ઓઝા , વાઈસ પ્રેસિડેન્ટ ધંજયભાઈ શાહ , સેક્રટરી સમીરભાઈ ઠક્કર, તથા પ્રોજેક્ટ હેડ હરેશભાઈ ભટ્ટની પ્રેરક ઉપસ્થિતિમાં ૨૦ સીવણના સંચા ભેટ આપવામાં આવેલ. વર્ષ ૧૯૪૦થી કાર્યનવિત જયોતિ મહિલા મંડળ શિશુવિહાર થકી ૧૧૦૦૦ છે વધુ બહેનોએ સીવણ તાલીમ લીધી છે અને ૩૦૦૦થી વધુ બહેનોએ બાળકોના શિક્ષણ આરોગ્ય અને વડીલોની સંભાળમાં માટે સીવણ તાલીમનો ઉપયોગ કરીને વિકાસ સાધ્યો છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

## સૌરાષ્ટ્ર આસપાસ

# મોસ્કો એટેક

ભારતીય સંસ્કૃતિ કહે છે કે વેર કોઈ દિવસ વેરથી સમતુ નથી. જેવા સાથે તેવાની નીતિથી બદલો લેવાની ભાવના શમતી નથી. આતંકવાદ સામે હથિયારો ઉઠાવવાથી આતંકવાદનો ખાતમો થશે તે માન્યતા હજી સુધી સાચી થઈ નથી યુદ્ધ કરીને સામા દેશને તબાહ કરી નાખવા નો ઈરાદો હોવા છતાં યુદ્ધ કરીને કોઈ આબાદ થતું નથી. યુદ્ધમાં જે જીતે છે તે આર્થિક રીતે હારે જ છે આ વાતને મોસ્કો એટેક ના સંદર્ભમાં જોઈએ તો રશિયા એ જે કંઈ મુસ્લિમ સંગઠનો પર કહ્યું છે તેનો આ બદલો છે

રશિયામાં મોસ્કોની નજીક આવેલા કોસ્ત્રોગોસ્કના ક્રોકસ સિટી હોલમાં પિકનિક નામના રશિયન રોક ગ્રૂપની કોન્સર્ટ યોજવામાં આવી હતી. પાંચથી છ હજાર લોકો હોલમાં ઉપસ્થિતિ હતા. બરાબર એ જ સમયે ચાર આતંકવાદીઓ સૈનિકોના પહેરવેશમાં આવ્યા હતા. પહેલાં તો બધાને એમ જ લાગ્યું હતું કે, આ સુરક્ષા કર્મચારીઓ છે. ચારેયે જ્યારે લોકો પર અંધાધૂંધ ફાયરિંગ કરવાનું શરૂ કર્યું ત્યારે બધાને ભાન થયું કે, આ તો આતંકવાદી હુમલો છે. પોલીસ આવીને આતંકવાદીઓનો સામનો કરે એ પહેલાં તો આતંકવાદીઓએ અનેક લોકોને ગોળીઓથી વીંધી નાખ્યા હતા. મોતનો આંકડો ૯૩ સુધી પહોંચ્યો છે અને આ આંકડો હજુ વધે એવી શક્યતાઓ છે. ૧૦૦થી વધુ લોકોને ગોળી વાગી છે અને તેમાં ઘણાની સ્થિતિ ગંભીર છે. હુમલાની સાથે જ હોલમાં આગ લાગી હતી. આતંકવાદીઓએ બોંબ બ્લાસ્ટ કર્યો હોવાનું પણ માનવામાં આવે છે. રશિયામાં આવો હુમલો થવાનો છે એ અમેરિકાને ખબર હતી. અમેરિકાએ કહ્યું કે, અમે રશિયાને ચેતવણી આપી હતી કે, આતંકવાદીઓ તમારે ત્યાં મોટો હુમલો કરવાની ફિરાકમાં છે. રશિયાએ અમેરિકાની વાતને ગંભીરતાથી લીધી નહોતી. રશિયા અને યૂક્રેન યુદ્ધમાં અમેરિકા યૂક્રેનને તમામ પ્રકારની મદદ કરે છે. યૂક્રેન વતી આમ તો યુદ્ધ જ અમેરિકા લડી રહ્યું છે. રશિયાને બરબાદ કરવા માટે અમેરિકા તમામ પ્રયાસો કરે છે એવા સંજોગોમાં રશિયા પર આવનારી આફતની જાણકારી અમેરિકા આપે એ વાત રશિયાના ગળે ઉતરી નહોતી રસિયામાં આતંકવાદી હુમલાબાદ અમેરિકા તરત જ મેદાનમાં આવ્યું એની પાછળ અમેરિકાની દાનત એ સાબિત કરવાની છે કે અમે દુશ્મનોના હિતનું પણ ધ્યાન રાખીએ છીએ નિર્દોષ લોકો ન મળે એની અમને પરવાજ છે અમેરિકા પોતાનો હાથ ઉપર રાખવાનું એકે મોકો છું કે તેઓ દેશ નથી આ કિસ્સમાં બીજી એક વાત એ પણ છે કે અમેરિકાને ખબર હતી કે આતંકી હુમલો થવાનો જ છે પણ રશિયાને કંઈ ખબર નહોતી રશિયા પોતાના ઇન્ટેલિજન્સ મુદ્દે ઊંચી ઊંચી વાતો કરનારો રહે છે અત્યારે તારી ઉમલાખોરો એક હોલ સુધી આવ્યા ત્યાં સુધી રશિયા ને ગંધ શુદ્ધ ન આવી રશિયા માટે આ એક મોટી નિષ્ફળતા છે રશિયા નું ઇન્ટેલિજન્સ નબળું પડી ગયું છે અથવા તો બધાનું ધ્યાન અત્યારે માત્ર યુદ્ધ તરફ જ છે આ એની સાબિતી છે

રશિયામાં મોસ્કોની નજીક આવેલા કોસ્ત્રોગોસ્કના ક્રોકસ સિટી હોલમાં પિકનિક નામના રશિયન રોક ગ્રૂપની કોન્સર્ટ યોજવામાં આવી હતી. પાંચથી છ હજાર લોકો હોલમાં ઉપસ્થિતિ હતા. બરાબર એ જ સમયે ચાર આતંકવાદીઓ સૈનિકોના પહેરવેશમાં આવ્યા હતા. પહેલાં તો બધાને એમ જ લાગ્યું હતું કે, આ સુરક્ષા કર્મચારીઓ છે.

# આજે "વિશ્વ રંગભૂમિ દિવસ"

## અભિનય એટલે રંગમંચ ઉપર આપવાની પરીક્ષા : ઊભા છીએ તખ્તાના પીળા પ્રકાશે, ઢળી પણ પડીશું તો અભિનય ગણાશે! - ગની દહીંવાલા

વિશેષ

સમગ્ર વિશ્વમાં ૨૭ માર્ચનો દિવસ "વિશ્વ રંગભૂમિ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ ૧૯૬૧માં "આંતરરાષ્ટ્રીય રંગમંચ સંસ્થાન" દ્વારા કરવામાં આવ્યો હતો. રંગભૂમિનાં મૂળ વેદ-ઉપનિષદમાં જોવા મળે છે. જે સૃષ્ટિ ઈશ્વરે રચી છે અને એમાં માણસ, અન્ય જીવો અને પ્રકૃતિ શ્વસે છે એનો સર્જનહાર ઈશ્વર આ રંગભૂમિનો સૂત્રધાર છે. આપણે બધા તો રંગમંચની કટપૂતળીઓ સમાન છીએ જેમની ડોર ઈશ્વરનાં હાથમાં જ છે.

'ભગવદ ગોમંડલ' ગ્રથનાં આધારે માની શકાય કે પૂર્વ ૧૨૮૦માં ગુજરાતીમાં પહેલું નાટક લખાયું ત્યારબાદ ૧૮૫૧માં નર્મદે 'બુધ્ધિવર્ધક' નામની સંસ?થા શરૂ કરી. એ જ અરસામાં શેકસપિયર કલબની સ્થાપના મુંબઇમાં થઇ. આ સમયને ગુજરાતી રંગભૂમિનો ઉદભવ સમય હોવાનું માનવામાં આવે છે. આ એ સમય હતો જ્યારે સ્ત્રી પાત્રો રંગમંચ ઉપર આવતા નહિ તેથી પુરૂષો જ સ્ત્રી પાત્રોનો અભિનય કરતા. એ પછી ધીમે ધીમે રંગમંચનું મહત્વ અને પ્રસિદ્ધિ વધતી ગઈ તેમ તેમાં બદલાવો આવતા રહ્યા. આજે જે રીતે રંગમંચ પર નાટકો ભજવાય છે તેને

આધુનીક યુગ હાઇટેક ટેકનોલોજીનો યુગ માનવામાં આવે છે. મેકઅપ, કેમેરા, લાઇટસ, સાઉન્?ડ, લેપટોપ, પેનડ્રાઇવ, ટેબલેટ, પૉર્ટેબલ હાર્ડડિસ?ક, એડીટીંગ વગેરેમાં અલ?ટ્રા મોર્ડન ડીઝીટલ ટેકનોલોજીનો ઉપયોગ થઇ રહ્યો છે.

રંગમંચના કાર્યક્રમ લાઇવ હોય છે. જે થયું તે થયું જ. સ?ટેજ ઉપર ડાયરેકટ ટેઇક જ હોય છે. રીટેક થતો જ નથી. ગુજરાતી રંગમંચ પર ભજવાતાં નાટકો એ ગુજરાતી ભાષા અને સાહિત્ય વારસાનો એક અમૂલ્ય ભાગ છે. રંગમંચ પર સુખ અને દુઃખ, પ્રેમ અને ક્રોધ, વેર-ઝેર, તારું ને મારું ગૃહસંચાર, સમાજની વાસ્તવિકતા, માનવીનાં જીવન સાથે સંકળાયેલી અનેક બાબતો નાટકો રૂપી ભજવાય રહી છે. જ્યાં ભાષા જીવે છે ત્યાં સંસ્કૃતિ પણ જીવે છે. ગુજરાતી રંગમંચ એ ગુજરાતી ભાષા અને સાહિત્યને બચાવવાનો એક પ્રયાસ છે. આજે પરિસ્થિતિ એવી છે કે વર્ષ દરમિયાન ગુજરાતી ભાષાના ખૂબ ઓછા નાટકો ભજવાય છે અને તેમાં પણ મુંબઈનાં આધુનિક નાટકો વધુ હોય છે. સિનેમા યુગની શરૂઆત થતા જ નાટક અને નાટ્ય મંડળીઓનો યુગ પુરો થયો હોય તેવુ લાગે છે તેમ છતાં આજે પણ કેટલીક નાટ્ય મંડળીઓ અને નાટકનાં કલાકારો એ આ રંગમંચ ને જીવીત રાખ્યો છે. એથી વિશેષ આજે પણ એવી કેટલીક નાટ્ય મંડળીઓ છે જે ગામડે ગામડે જઈને વેશભૂષા ધારણ કરી નાટકો ભજવે છે. જે શેરી નાટકો તરીકે પણ ઓળખાય છે. રંગભૂમિ માટે કહેવાય છે કે, જાણ?યુ એટલું જાજું અને માણી એટલી મોજ પછી તો ક્યાં છે કશી ખોજ !

# અમેરીકા ઈતિહાસ રચવા માટે તૈયાર : દુનિયાનું સૌથી મોટું પ્લેન બનાવવાનું એલાન

## મિશન પવન ચક્કીની વિશાળ ૩૦૦- ફૂટ લાંબી બ્લેડને સીધા જ્યાં પવન ચક્કી મુકવાની હોય તે ખેતરોમાં પહોંચાડવાનું

કરંટ ટોપિક

અમેરીકા ઈતિહાસ રચવા માટે તૈયાર છે.અમેરીકામાં વિશ્વનું સૌથી મોટું પ્લેન બનાવવામાં આવી રહ્યું છે. આ વિમાનની અંદર ૩ ઓલિમ્પિક સ્વિમિંગ પૂલ ફિટ થઈ શકે તેમ છે. તેની અન્ય પણ વિશેષતાઓ છે. વૈશ્વિક ઉર્જાનાં સંકટ વધી રહ્યો છે.ત્યારે ઉર્જાના ઉત્પાદન પવન ચક્કીએ મહત્વનો વિકલ્પ બની ગઈ છે.તેમાં પણ દરિયાકાંઠાના વિસ્તારોમાં પવન ચક્કી એક સંભવિત વિકલ્પ બની રહી છે. પવન ચક્કીઓમાં પણ મોટી પવન ચક્કીઓ સામાન્ય પવન ચક્કી કરતા વધુ વીજળી ઉત્પન્ન કરે છે.પરંતુ મોટી પવન ચક્કીઓની સાધન સામગ્રી રસ્તા દ્વારા એક જગ્યાએથી બીજી જગ્યા એ પરિવહન કરવા માટે ખૂબ મોટી છે અને તે ખુબ જ મુશ્કેલીઓ પેદા કરે છે.તેને લઈ જવામાં ખુબ તકલીફો આવતી હોય છે. ત્યારે હવે આ સમસ્યાનો ઉકેલ અમેરિકાના કોલોરાડો સ્થિત એનર્જી સ્ટાર્ટઅપ રાડિયાએ શોધી કાઢ્યો છે.અને રાડિયાએ ઉડ્ડયનના ઈતિહાસમાં સૌથી મોટું વિમાન વિકસાવવાનું નક્કી કર્યું છે.

તેમણે આ વિમાનને બનાવવા પર કામ પણ શરૂ કરી દીધું છે. ત્યારે આ કંપની જે વિન્ડરનર એરોપ્લેન બનાવી રહી છે તેનું મિશન પવન ચક્કીની વિશાળ ૩૦૦- ફૂટ લાંબી બ્લેડને સીધા જ્યાં પવન ચક્કી મુકવાની હોય તે ખેતરોમાં પહોંચાડવાનું છે.

આ એરક્રાફ્ટ વિશ્વને તેના ડીકાર્બોનાઇઝેશનના લક્ષ્યોને પૂર્ણ કરવામાં મદદ પણ કરશે.આ વિમાન ટકાઉ ઉડ્ડયન ઇંધણનો ઉપયોગ કરશે અને જમીન પર ઉતરવા માટે માત્ર એક સરળ રનવેની જરૂર પડશે.ખેતરો માં વૃક્ષો.ખરાબ રસ્તા વગેરે જેવી અનેક સમસ્યાઓ હોય છે.. ત્યારે આ વિમાન ખુબ સરળતાથી અને ઓછી જગ્યામાં ઉતરી શકશે.આ વિમાન ૬,૦૦૦ ફીટ એટલે કે ૧,૮૦૦ મીટર પર એરસ્ટ્રીપ્સ પર ઉતરી શકે છે. એક અહેવાલ મુજબ, રાડિયાનું કહેવું છે કે આ વિમાન પ્રાદેશિક કેન્દ્રોથી કામ કરશે અને જ્યાં જરૂર પડશે ત્યાં સેવાઓ આપશે.અને આ એરક્રાફ્ટ એવું કંઈ નથી કરી શકતું જે અન્ય કોઈ મોટા કોમર્શિયલ એરક્રાફ્ટ ન કરી શકે.તે તમામ પ્રકારની કામગીરી કરી શકે છે.

આ એરક્રાફ્ટમાં અન્ય પણ અનેક વિશેષતાઓ રહેલી છે. વિન્ડરનર પાસે કાર્ગો બે વોલ્યુમ ૨૭૨,૦૦૦ ક્યુબિક ફૂટ હશે.અને જે ત્રણ ઓલિમ્પિક નાં સ્વિમિંગ પૂલ રાખવા માટે પૂરતું છે.તેમાં ત્રણ ઓલિમ્પિક નાં સ્વિમિંગ પૂલ બનાવી શકાય તેટલી તેની ક્ષમતા છે. આ બોઇંગ ૭૪૭-૪૦૦ કરતા ૧૨ ગણું છે. તે ૩૫૬ ફૂટના સ્પાન સાથે ૧૨૭ ફૂટ લાંબુ પણ છે. જો તેની પાંખોની વાત કરવામાં આવે તો તે ૨૬૧ ફૂટ છેપ. તે એન્ટોનોવ એન- ૨૨૫ ને પણ નાનું કરશે. એન્ટોનોવ એન- ૨૨૫ અત્યાર સુધીનું સૌથી ભારે વિમાન છે, જે યુક્રેન પર રશિયાના આક્રમણની શરૂઆતમાં નાશ પામ્યું હતું.

એનર્જી સ્ટાર્ટઅપ રાડિયારાડિયા કહે છે કે તે વર્તમાન ટેકનોલોજી અને સુરક્ષા પર ધ્યાન આપી રહી છે.તે યુએસ ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન હ્લછછ ની મંજૂરી ધરાવતી અજમાયશ, સાચી ઉડ્ડયન સામગ્રી અને બાંધકામ તકનીકોનો ઉપયોગ કરી રહી છે.કંપનીનો વિચાર એરોસ્પેસ ઉદ્યોગના માપદંડોને પૂર્ણ કરતા સુવ્યવસ્થિત કાફલા સાથે જમીન પર દોડવાનો છે.

અ ા મહત્વાકાંક્ષી દાવાઓ પાછળનો માણસ છે રાડિયાના સ્થાપક અને સીઇઓ માર્ક લંડસ્ટ્રોમ, જે ક્રોસ-ઇન્ડસ્ટ્રીના ઉદ્યોગસાહસિક અને MIT એરોસ્પેસ એન્જિનિયર છે.તેમણે ૨૦૧૬માં રાડિયાની સ્થાપના કરી હતી. કંપની કહે છે કે તેની સલાહકારોની ટીમમાં બોઇંગ, ૈં,રોલ્સ રોયસ અને FAAના ભૂતપૂર્વ ટોચના અધિકારીઓ તેમજ યુએસ એનર્જી સેક્રેટરી અર્નેસ્ટ મોનિઝ અને ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન માલ્કમ ટર્નબુલનો સમાવેશ થાય છે.

યુએસ સ્ટેટ કોલોરાડો સ્થિત રાડિયા એનર્જી સ્ટાર્ટઅપ વિશ્વના સૌથી મોટા એરક્રાફ્ટ પર કામ કરી રહી છે.અને આ વિમાનનું મિશન વિશાળ ૩૦૦-ફૂટ લાંબા બ્લેડ સીધા ખેતરમાં પહોંચાડવાનું છે. તો આ વિમાન વિશ્વને તેના ડીકાર્બોનાઇઝેશન લક્ષ્યોને પૂર્ણ કરવામાં મદદ કરશે. તે ટકાઉ ઉડ્ડયન બળતણનો ઉપયોગ કરશે.કંપનીનું વિન્ડરનર એરપ્લેન ખાસ રીતે કામ કરી રહ્યું છે. આ વિમાનનું મિશન વિશાળ ૩૦૦-ફૂટ લાંબા બ્લેડ સીધા ખેતરમાં પહોંચાડવાનું છે.આ વિમાન વિશ્વને તેના ડીકાર્બોનાઇઝેશન લક્ષ્યોને પૂર્ણ કરવામાં મદદ કરશે. એરક્રાફ્ટ વિશે બહાર આવેલી માહિતી અનુસાર, તે ૬,૦૦૦ ફૂટ જેટલી નાની એરસ્ટ્રીપ્સ પર લેન્ડ કરી શકે છે.જે પોતાનામાં એક મોટી વાત હશે, કારણ કે અન્ય કોઈ મોટા કોમર્શિયલ એરક્રાફ્ટ માટે તે શક્ય નથી.

એનર્જી સ્ટાર્ટઅપ રાડિયા કહે છે કે નવા એરક્રાફ્ટનું સ્કેલ અભૂતપૂર્વ હોઈ શકે છે. પરંતુ એન્જિનિયરિંગ એવું નથી. આ એરક્રાફ્ટને સેફ્ટી પર ધ્યાન આપીને જૂની ટેક્નોલોજીથી તૈયાર કરવામાં આવી રહ્યું છે.એરક્રાફ્ટ માટે યોગ્ય ઉડ્ડયન સામગ્રી, ઘટકો અને ઉત્પાદન તકનીકોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આમ વિશ્વનું સૌથી મોટું વિમાન ઇતિહાસ રચવા તૈયાર છે. યુએસ સ્ટેટ કોલોરાડો સ્થિત રાડિયા એનર્જી સ્ટાર્ટઅપ એક ખાસ વિચાર પર કામ કરી રહ્યું છે.અને વિચાર ઉડ્ડયન ઇતિહાસમાં સૌથી મોટા એરક્રાફ્ટ બનાવવા વિશે છે.આ વિમાનથી પવન ચક્કીની ૩૦૦ ફૂટ લાંબી બ્લેડને સીધા ખેતરમાં પહોંચાડી શકાશે. સાથે જ તે ડીકાર્બોનાઇઝેશનના લક્ષ્યોને પૂર્ણ કરશે.

# રાષ્ટ્રપતિ પુતીનનો બદલો ભયાનક હશે

## રશિયા પર થયેલા ભાયાનક આતંકી હુમલા બાદ લોકો શોક સાગરમાં ડૂબી ગયા બીજી બાજુ રાષ્ટ્રપતિ આતંકીઓને નસ્ત નાબૂદ કરવા કેવું પ્લાનિંગ કરી રહ્યા છે?



રશિયા પર થયેલા ભયાનક હુમલાબાદ લોકો ઊંડા શોક સાગરમાં ડૂબી ગયા છે જેના પરિવારજનો મૃત્યુ પામ્યા છે તે લોકો હજી આઘાત માંથી બહાર નથી એવા ચોતરફ ભાયનો માહોલ છે. મોસ્કોના ન્યૂ અરબાત એવન્યુ પર રશિયાની સૌથી મોટી વીડિયો સ્ક્રીનો લાગેલી છે. આ બધી જ સ્ક્રીન પર એક વિશાળ તસવીર છે- સળગતી મીણબત્તી અને રશિયન ભાષાનો શબ્દ 'સ્કોર્બિમ', જેનો મતલબ છે- 'અમે શોકમાં છીએ.' રવિવારે રશિયામાં ક્રોકસ સિટી હોલમાં થયેલા હુમલામાં માર્યા ગયેલા લોકોની યાદમાં શોક પાળવામાં આવ્યો હતો. આ હુમલામાં અત્યાર સુધીમાં ૧૩૭ લોકોનાં મોતની પુષ્ટિ થઈ છે. જોકે આ સંખ્યા અંતિમ નથી, કેમ કે હજુ પણ કેટલાક મૃતદેહોની શોધ ચાલુ છે. આખા દેશમાં રશિયાનો રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવાયો. મનોરંજન અને રમત સંબંધિત આયોજનો રદ કરી દેવાયાં અને ટીવી પર ન્યૂઝ એન્કરોએ કાળો પોશાક પહેર્યો. ક્રોક્સ સિટી હોલ ભલે મોસ્કોના કેન્દ્રિત વિસ્તારમાં ન હોય, પણ આ આખા રશિયાનું સૌથી ચર્ચિત આયોજન સ્થળોમાંનું એક છે.

શુક્રવારના નરસંહારે આ કોન્સર્ટ હોલને નરકમાં બદલી નાખ્યો. હુમલાખોરોએ માત્ર ગોળીથી લોકોના જીવ ન લીધા, પણ સળગાવીને પણ લોકોને મારી નાખ્યા. તેમણે ઇમારતોમાં આગ ચાંપી દીધી. રશિયાની તપાસ એજન્સીએ જે વીડિયો જારી કર્યો છે તેમાં ઇમારતની છત પડી ગઈ છે. તેમાં મેટલ બીમ પણ સામેલ છે. ઇમારતની બહાર હજુ પણ મોટી સંખ્યામાં પોલીસ દળ તહેનાત છે. હું જ્યાં ઊભો છું ત્યાંથી આ મનોરંજન કોમ્પ્લેક્સનો માત્ર બળી ગયેલો એક ભાગ દેખાય છે. તેનાથી ભીતર થયેલી તબાહીનો અંદાજ આવી શકે છે. આ નરસંહારના પીડિતો માટે એક અસ્થાયી મકબરો બનાવાયો છે, જ્યાં લાંબી કતારોમાં લોકો ફૂલો ચઢાવી રહ્યા છે.

શ્રદ્ધાંજલિ આપવા આવેલા લોકો ગુલાબો અને ફૂલોની સાથે ઢીંગલીઓ અને રમકડાં પણ મૂકે છે, કેમ કે મૃતકોમાં બાળકો પણ સામેલ છે. લોકો અહીં સંદેશ પણ મૂકી રહ્યા છે. એક સંદેશ હુમલાખોરો માટે હતો- 'તમે નીચ છો, અમે તમને ક્યારેય માફ નહીં કરીએ.' અહીં આવેલા લોકોમાં દુઃખ અને ગુસ્સો બંને છે. તાતાન્યા કહે છે, "દેશનું દિલ દુખે છે. મારો આત્મા રોઈ રહ્યો છે. રશિયા રડી રહ્યું છે. આટલી મોટી સંખ્યામાં યુવા માર્યા ગયા છે. મને એવું લાગે છે કે મારાં બાળકોનાં મોત થયા છે." તાતાન્યા અહીં શ્રદ્ધાંજલિ અર્પિત કરવા માટે કેટલાંક ફૂલ લઈને આવ્યાં હતાં.

રોમન કહે છે, "આ બહુ મોટો ઝટકો હતો. હું નજીક જ રહું છું, મેં મારી બારીમાંથી આ બધું થતા જોયું. બિહામણું છે અને એક મોટી ત્રાસદી છે." એક વૃદ્ધ યેવજીની કહે છે, "જેણે પણ આ હુમલો કર્યો છે એ માણસ નથી. મને લાગે છે કે રશિયાએ મોતની સજા પરની રોક હટાવી દેવી જોઈએ. કમસે કમ આતંકવાદના કેસમાં."

આ હુમલાના કેસમાં ચાર લોકોની આતંકવાદી ઘટનાને અંજામ આપવાના આરોપમાં ધરપકડ કરાઈ છે. મોસ્કોની એક કોર્ટે તેમને બે મહિનાની હિરાસતમાં

આસપાસ ચોપાસ – સુરેશ ભટ્ટ

મોકલી દીધા છે.

તેમની ઓળખ દાલેરદઝોન મિર્ઝોયેવ, સૈદાકરામી મુરોદલી માચાબલિઝોદા, શમ્સિદીન ફરિદુની અને મુહમ્મદાસોબિર ફૈજોવના રૂપમાં થઈ છે. અહેવાલો અનુસાર, તાજિક નાગરિક મિર્ઝોયેવે પોતાના પર લાગેલા બધા આરોપ સ્વીકારી લીધા છે. ચરમપંથી સંગઠન ઇસ્લામિક સ્ટેટ સમૂહનું કહેવું છે કે ક્રોકસ સિટી હોલમાં થયેલા હુમલા માટે એ જવાબદાર છે. સમૂહે હુમલાખોરોની હુમલા દરમિયાનની હિંસક તસવીરો શેર કરી છે. અમેરિકન અધિકારીઓનું કહેવું છે કે તેમની પાસે ઇસ્લામિક સ્ટેટના દાવાને ખારિજ કરવાનું કોઈ કારણ નથી. જોકે રશિયામાં આ હુમલા મામલે પ્રતિક્રિયાઓ અલગ છે. રશિયાના અધિકારી આ વિચારને સમર્થન આપી રહ્યા છે કે આ હુમલા પાછળ કોઈને કોઈ રીતે યુક્રેન છે. શનિવારે જારી કરેલા એક ટીવી સંદેશમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે ચાર હુમલાખોરોની યુક્રેનની તરફ ભાગતા ધરપકડ કરાઈ છે. પુતિને આરોપ મૂક્યો કે "આ હુમલાખોરો યુક્રેનમાં ઘૂસી શકે તે માટે એક રસ્તો તૈયાર કરવામાં આવ્યો હતો."

યુક્રેને આ બધા આરોપ ફગાવ્યા છે. જોકે તેમ છતાં રશિયાના અનેક વિશ્લેષકો અને ટિપ્પણીકારો આ હુમલાનો સંબંધ યુક્રેન સાથે જોડીને જુએ છે. સરકાર સમર્થિત અખબાર મોસ્કોવ્સ્કી કોમ્સોમોલેટ્સે યુક્રેન સામે એક આકરો સંપાદકીય લેખ લખ્યો છે. તેનું શીર્ષક છે- 'યુક્રેનને આતંકવાદી રાષ્ટ્ર જાહેર કરવું જોઈએ.' "કીએવની સત્તાને સમાપ્ત કરવાનો સમય આવી ગયો છે, એ આખી ગેંગનો ખાતમો થવો જ જોઈએ. રશિયા પાસે એવું કરવા માટે સંસાધન છે."

આ બાબતોથી એક મહત્ત્વનો સવાલ પેદા થયો છે. આ વિનાશકારી હુમલાની રશિયા શી પ્રતિક્રિયા આપશે? શું રશિયાનું નેતૃત્વ ક્રોકસ સિટી હોલની ઘટનાનો ઉપયોગ યુક્રેન યુદ્ધમાં પોતાની સંભવિત આક્રમકતાને યોગ્ય ઠેરવવા માટે કરી શકે છે?

રાષ્ટ્રપતિ આ વખતે ચૂંટણીમાં કેવી રીતે ચૂંટાયા તેની પર એક નજર નાખીએ રાષ્ટ્રપતિ ફરી વખત સત્તા પર આવ્યા તેની પ્રતિક્રિયા રૂપે આ હુમલો થયો હોવાની શક્યતા નકારી શકાતી નથી રાષ્ટ્રપતિની ચૂંટણી અંગે મહત્વની વિગતો નીચે મુજબ છે જેને આ આતંકી હુમલા સાથે સાંકળી લેવામાં આવી છે વ્લાદિમીર પુતિનનું પાંચમી વખત રાષ્ટ્રપતિ બનવું હંમેશાંથી નક્કી જ હતું. એમની સામે ત્રણ ઉમેદવાર હતા અને ત્રણેય ક્રેમલિન તરફથી જ ઊભા રખાયા હતા. પણ જ્યારે એમનો વિજય થયો અને કુલ ૮૭ ટકા મત મળ્યા ત્યારે તેમણે કહ્યું કે રશિયાનું લોકતંત્ર પશ્ચિમના કેટલાય દેશોનાં લોકતંત્ર કરતાં વધારે મજબૂત છે. જોકે, સત્ય એ છે કે આ ચૂંટણીમાં એક પણ ઉમેદવાર એવો નહોતો જેને વિશ્વસનીય કહી શકાય. આ ચૂંટણી દરમિયાન પુતિનના વિરોધી એલેક્સી નવેલનીના સમર્થકોએ પ્રતીકાત્મક રીતે વિરોધપ્રદર્શનો કર્યાં છે.

'નુન અગેન્સ્ટ પુતિન' અભિયાન અંતર્ગત રશિયાનાં મોસ્કો તથા પીટર્સબર્ગ સહિતનાં કેટલાંય શહેરો અને કેટલાંય રાષ્ટ્રોમાં રશિયન દુતાવાસો સામે લોકો એકઠા થયા અને વિરોધ નોંધાવતાં મતદાન કર્યું, જેને 'પ્રોટેસ્ટ વોટિંગ' કહેવાઈ રહ્યું છે. જોકે, આ પ્રદર્શનોની ચૂંટણી પર ના કોઈ અસર થવાની હતી કે કે ના કોઈ અસર થઈ. મોનિટરિંગ ગ્રુપ 'ઓડિવી-ઇન્ફો'એ કહ્યું છે કે રશિયામાં ઓછામાં ૮૦ લોકોની અટકાયત કરવામાં આવી છે. શુક્રવારે કેટલાંક પોલિંગ બૂથો પર હુમલાના સમાચાર પણ મળ્યા હતા. પશ્ચિમી દેશોએ રશિયાની ચૂંટણીની નિંદા કરતાં કહ્યું, "આ ચૂંટણી ન તો સ્વતંત્ર હતી કે ન તો નિષ્પક્ષ."

જર્મનીએ આ ચૂંટણીની સેન્સરશિપ, દમન અને હિંસા વચ્ચેની 'છદ્મ ચૂંટણી' ગણાવી છે. બ્રિટનના વિદેશમંત્રી ડેવિડ કેમરૂને રશિયાની ચૂંટણીની નિંદા કરતાં કહ્યું, "યુક્રેનના વિસ્તારોમાં ગેરકાયદે ચૂંટણીઓ કરાવાઈ છે." યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ કહ્યું, "રશિયાન સરમુખત્યાર વધુ એક ચૂંટણી કરાવી રહ્યા છે." નવેલનીના સાથી અને લિથુઆનિયામાં આશ્રય લેનારા નિયોનિડ વોલ્કોફે જણાવ્યું છે કે એક સપ્તાહ પહેલાં જ તેમના પર હથોડાથી ગંભીર હુમલો કરાયો છે. આ ચૂંટણી અંગે વાત કરતાં તેમણે જણાવ્યું, "પુતિનને જેટલા ટકા મત મળ્યા છે, એનો વાસ્તવિકતા સાથે કોઈ સંબંધ નથી." રશિયા પરનો આતંકી હુમલો પહેલી વખત થયો છે આ હુમલા એ અમેરિકા ક્વીન ટાવરની તબાહીની યાદ દુનિયાને ફરી વખત એકવાર આપી દીધી છે.

# ભારતના વિદેશી હૂંડિયામણ ભંડોળમાં અબજો ડોલરનો વધારો



નવીદિલ્હી,
વિદેશી હૂંડિયામણ ભંડોળમાં સતત ચોથા સપ્તાહમાં વધારો જોવા મળ્યો છે. ૧૫ માર્ચે પૂરા થયેલા સપ્તાહમાં દેશની વિદેશી હૂંડિયામણ ૬.૩૯૬ બિલિયન ડોલર વધારા સાથે ૬૪૨.૪૯૨ બિલિયન ડોલર થઈ ગયું છે. ભારતીય રિઝર્વ બેંકે શુક્રવારે જણાવ્યું હતું કે એક સપ્તાહ અગાઉ દેશનો કુલ વિદેશી હૂંડિયામણ ભંડોળ ૧૦.૪૭ અબજ ડોલર વધીને ૬૩૬.૦૯૫ અબજ ડોલર થયો હતો. ઓક્ટોબર ૨૦૨૧માં દેશની વિદેશી હૂંડિયામણ ભંડોળ ૬૪૫ બિલિયન ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયું હતું, પરંતુ વૈશ્વિક વિકાસના કારણે દબાણો વચ્ચે સેન્ટ્રલ બેંકે રૂપિયાના ઘટાડાને રોકવા માટે મૂડી અનામતનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે અનામતમાં થોડો ઘટાડો થયો હતો. રિઝર્વ બેંકના ડેટા અનુસાર, ૧૫ માર્ચે પૂરા થયેલા સપ્તાહમાં ફોરેન કરન્સી એસેટ ૬.૦૩૪ બિલિયન ડોલર વધીને ૫૬૮.૩૮૬ બિલિયન ડોલર થઈ ગઈ છે. ફોરેન એસેટ ડોલરમાં નામાંકિત થાય છે જેમાં વિદેશી હૂંડિયામણ અનામતમાં રાખવામાં આવેલી યુરો, પાઉન્ડ અને યેન જેવી બિન-યુએસ કરન્સીમાં ચલણની અસરનો સમાવેશ થાય છે.

રિઝર્વ બેંકે શું કહ્યું જે વિષે જણાવીએ, રિઝર્વ બેંકે કહ્યું કે સપ્તાહ દરમિયાન સોનાના ભંડોળનું મૂલ્ય ૪૨૫ મિલિયન ડોલરથી વધીને ૫૧.૧૪ બિલિયન ડોલર થયું છે. રિઝર્વ બેંકે કહ્યું કે સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ (જીડ્ઢઇ) ૬૫ મિલિયન ડોલર વધીને ૧૮.૨૭૬ બિલિયન ડોલર થઈ ગયું છે. રિઝર્વ બેંકના જણાવ્યા અનુસાર, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (ૈંસ્હ્લ) પાસે ભારતની અનામત થાપણો પણ સમીક્ષા હેઠળના સપ્તાહમાં ૧૨૯ મિલિયન ડોલર વધીને ૪.૬૮૯ બિલિયન ડોલર થઈ ગઈ છે. સતત ત્રીજા સપ્તાહે વિદેશી હૂંડિયામણ ભંડોળમાં વધારો જોવા મળ્યો હતો. આ ત્રણ સપ્તાહમાં વિદેશી હૂંડિયામણમાં ૨૦ અબજ ડોલરનો વધારો જોવા મળ્યો હતો.

# માત્ર ૧૫ કરોડ રૂપિયામાં બનેલી ફિલ્મે દુનિયાભરમાં ૨૦૦ કરોડનું કલેક્શન કર્યું

નવીદિલ્હી,
આ દિવસોમાં સાઉથની ફિલ્મો બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી રહી છે. પરંતુ આ માટે સાઉથના આ નિર્માતાઓ અને દિગ્દર્શકો ખૂબ જ માપદંડ પગલાં લઈ રહ્યા છે. તે ઓછા બજેટની ફિલ્મો બનાવે છે. તેઓ મજબૂત વાર્તા રાખે છે અને કલાકારોને ભાડે રાખે છે, સ્ટાર્સ નહીં. આ ફોર્મ્યુલા મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રી દ્વારા પણ ખૂબ પસંદ કરવામાં આવી રહી છે. અહીં અમે વાત કરી રહ્યા છીએ તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ મંજુમ્મેલ બોયઝની. આ ફિલ્મ રિલીઝ થયા પછી તરત જ બોક્સ ઓફિસ પર આપત્તિજનક હતી. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર તેની કિંમત કરતાં ૧૦ ગણી વધુ કમાણી કરી છે. તેની વાર્તા અને સ્ટાર્સના અભિનયની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી.

મંજુમ્મેલ બોયઝના બજેટની વાત કરીએ તો આઈએમડીબી અનુસાર તે માત્ર ૧૫ કરોડ રૂપિયા હતું. જ્યારે આ ફિલ્મે વર્લ્ડવાઈડ બોક્સ ઓફિસ પર લગભગ ૨૦૦ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. આ રીતે તે મલયાલમની અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. રસપ્રદ વાત એ છે કે આ ફિલ્મ રિલીઝ થયાને એક મહિનો પણ નથી થયો. વાસ્તવિક જીવનની વાર્તા પર આધારિત, ૨૦૦૬ની ફિલ્મ કોચી નજીકના નાના શહેર મંજુમ્મેલના મિત્રોના જૂથની આસપાસ ફરે છે જેઓ કોડાઈકેનાલમાં રજાઓ ગાળવા જાય છે.

મલયાલમ સિનેમાની સૌથી મોટી હિટ ફિલ્મોમાંની એકનું બિરુદ મેળવતા, 'મંજુમ્મેલ બોયઝ' એ જુડ એન્થોની જોસેફની '૨૦૧૮' ના અગાઉના રેકોર્ડને વટાવી દીધો, જેણે ૧૫૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી હતી. રસપ્રદ વાત એ છે કે હિન્દી ભાષી દર્શકો પણ આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# મેં ઓફર ઠુકરાવી પછી ધોનીને અપાઈ ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ : સચિન



નવીદિલ્હી,
વર્ષ ૨૦૦૭માં જ્યારે મહેન્દ્ર સિંહ ધોનીને ટી -૨૦ વર્લ્ડ કપ માટે કેપ્ટન બનાવવામાં આવ્યો હતો ત્યારે અનેક સવાલ ઉઠ્યા હતા. કહેવામાં આવ્યું હતું કે, આખરે યુવરાજ અને વીરેન્દ્ર સહેવાગના રહેતા કેપ્ટનશીપ ધોનીને કેમ અપાઈ? આ મુદ્દે હવે ક્રિકેટના 'ભગવાન' સચિન તેંડુલકરે ખુલાસો કર્યો છે. સચિને જણાવ્યું કે, તેમણે જ બીસીસીઆઈને કહ્યું હતું કે, ધોનીને વ્હાઈટ બોલ ક્રિકેટની કેપ્ટનશીપ સોંપી દેવી જોઈએ. ત્યારબાદ ધોનીની કેપ્ટનશીપમાં ભારતે ૨૦૦૭ ટી -૨૦ વર્લ્ડ કપમાં જીત મેળવી હતી.

સચિને જણાવ્યું કે, તત્કાલીન બીસીસીઆઈ અધ્યક્ષ શરદ પવારે તેમને ટીમની કેપ્ટનશીપ કરવા માટે કહ્યું હતું. ત્યારબાદ સચિને શરદ પવારને પોતાની ફિટનેસનો હવાલો આપ્યો હતો. સચિને જણાવ્યું કે તે ફિટનેસની સમસ્યાથી ઝઝૂમી રહ્યો છે.

# ચેપોકમાં કોહલીના નામે 'વિરાટ' રેકોર્ડ, કોહલીએ ટી-૨૦ ફોર્મેટમાં ૧૨૦૦૦ રન પૂરા કર્યા



ચેન્નાઇ
વિરાટ કોહલીએ ૨ મહિનાથી વધુ સમય બાદ ક્રિકેટના મેદાનમાં ૫૨ કમબેક કરતા પોતાની પહેલી જ મેચમાં કમાલ કરી દીધો. તેમણે ટી૨૦ ક્રિકેટમાં પોતાના નામે એક મોટો રેકોર્ડ બનાવી દીધો.આઈપીએલ ૨૦૨૪ની પહેલી મેચ જે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે રમાઈ તેમાં કોહલીએ ૬ રન બનાવતા જ પોતાના નામે ટી૨૦ નો મોટો રેકોર્ડ બનાવ્યો. આજ સુધી કોઈ પણ ભારતીય ખેલાડી આ મુકામ સુધી પહોંચ્યો નથી. કોહલીએ ટી૨૦ ફોર્મેટમાં ૧૨૦૦૦ રન પૂરા કર્યા.

વિરાટ કોહલીએ આ મેચમાં ૬ રન સાથે જ ટી૨૦ માં પોતાના ૧૨૦૦૦ રન પૂરા કરી લીધા છે. આ મુકામ સુધી પહોંચનાર તે પહેલા ભારતીય ક્રિકેટર છે. આ અગાઉ આવું કોઈ પણ ભારતીય ક્રિકેટર કરી શક્યા નથી. કોહલીએ આ મુકામ સુધી પહોંચવા માટે ૩૬૦ ઈનિંગ ખેલી. આ સાથે જ તે ઝડપથી ૧૨૦૦૦ રન પૂરા કરનાર બીજા બેટર બન્યા છે. તેમની આગળ ક્રિસ ગેઈલ છે. જેણે આ કમાલ ૩૪૫ ઈનિંગમાં કર્યો છે.

જો કે આ મેચમાં મોટી ઈનિંગ રમવામાં નિષ્ફળતા મળી છે. વિરાટ કોહલી ૨૧ રન કરીને પેવેલિયન ભેગા થયા.

**ટી૨૦માં સૌથી વધુ રન કરનાર ભારતીય**
**વિરાટ કોહલી- ૧૨૦૧૫ રન**
**રોહિત શર્મા- ૧૧૧૫૬ રન**
**શિખર ધવન- ૯૪૬૫ રન**
**સુરેશ રૈના- ૮૬૫૪ રન**
**કે એલ રાહુલ- ૭૦૬૬ રન**

વિરાટ કોહલી આ રેકોર્ડ સાથે ક્રિસ ગેઈલ, કાયરન પોલાર્ડ, અને ડેવિડ વોર્નર જેવા દિગ્ગજોની ક્લબમાં સામેલ થયા છે. જે ટી ૨૦ ફોર્મેટમાં ૧૨૦૦૦ કે તેનાથી વધુ રનનો આંકડો સ્પર્શવામાં સફળ રહ્યા છે.

# ચેન્નઈ સામે ગુજરાત ટાઈટન્સ ઢેર

## શિવમ દુબે-રચિનની વિસ્ફોટક ઈનિંગ્સ : મેચમાં CSK ત્રણેય ડિપાર્ટમેન્ટમાં શાનદાર રહ્યું

મુંબઇ,
ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK)એ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)-2024માં સતત બીજી જીત હાંસલ કરી છે. ટીમે સોમવારે વર્તમાન સિઝનની સાતમી મેચમાં ગુજરાત ટાઈટન્સ (GT)ને ૬૩ રનથી હરાવ્યું હતું. આ જીત સાથે CSK ૪ પોઈન્ટ્સ સાથે પોઈન્ટ્સ ટેબલમાં ટોચ પર આવી ગઈ છે. ચેન્નાઈએ આ મેદાન પર સિઝનના ઓપનરમાં RCBને હરાવ્યું હતું.

ચેપોક સ્ટેડિયમ ખાતે ૨૦૭ રનના ટાર્ગેટને ચેઝ કરતા ગુજરાત ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૪૩ રન જ બનાવી શક્યું હતું. આ પહેલાં પ્રથમ બેટિંગ કરતા ચેન્નઈએ ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૨૦૬ રન બનાવ્યા હતા. રચિન રવીન્દ્ર (૨૦ બોલમાં ૪૬ રન) અને શિવમ દુબે (૨૩ બોલમાં ૫૧ રન)એ વિસ્ફોટક ઈનિંગ્સ રમી હતી, જ્યારે કેપ્ટન ઋતુરાજ ગવકવાડે ૩૬ બોલમાં ૪૬ રનનું યોગદાન આપ્યું હતું. રાશિદ ખાને બે વિકેટ ઝડપી હતી. ગુજરાત તરફથી સાઈ સુદર્શને સૌથી વધુ ૩૭ રન બનાવ્યા હતા. રિદ્ધિમાન સાહા અને ડેવિડ મિલરે ૨૧-૨૧ રન બનાવ્યા હતા. બાકીના બેટર્સ કંઈ ખાસ કરી શક્યા ન હતા. ચેન્નઈ તરફથી દીપક ચહર, મુસ્તફિઝુર રહેમાન અને તુષાર દેશપાંડેએ ૨-૨ વિકેટ લીધી હતી.

# બીસીસીઆઇએ હર્ષિત રાણાને તેના ખરાબ વર્તનને કારણે દંડ ફટકાર્યો




કોલકતા,
હર્ષિત રાણા ભલે શનિવારે રાત્રે કોલકાતા નાઈટ રાઈડર્સ માટે જીતનો હીરો બની ગયો હોય, પરંતુ તેના ખરાબ વર્તનને કારણે BCCIએ તેને દંડ ફટકાર્યો છે.હર્ષિત રાણાએ સનરાઈઝર્સ હૈદરાબાદના ઓપનર મયંક અગ્રવાલને 'ફ્લાઈંગ કિસ' આપી હતી. મયંક તેની ક્રિયાથી ખૂબ જ ગુસ્સામાં દેખાતો હતો. એક તરફ પ્રશંસકો હર્ષિતની બોલિંગના વખાણ કરી રહ્યા હતા, તો બીજી તરફ તેઓ તેને સિનિયર ખેલાડીઓનું સન્માન કરવાનું જ્ઞાન પણ આપી રહ્યા હતા. હવે બીસીસીઆઇએ તેના પગલા સામે કાર્યવાહી કરી છે અને હર્ષિતને મેચ ફીનો દંડ ફટકાર્યો છે. 'કોલકાતા નાઈટ રાઈડર્સના બોલર હર્ષિત રાણા પર માર્ચના રોજ કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે તેની ટીમની ટાટા ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ની મેચ દરમિયાન આઈપીએલ આચાર સંહિતાનો ભંગ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

# ટાઈગર શ્રોફની ૧૫૦ કરોડની ફિલ્મ ફરી અટકી : ૭ વર્ષ પહેલા જાહેરાત થઈ હતી



મુંબઇ,
હાલના દિવસોમાં ટાઈગર શ્રોફ અક્ષય કુમાર સાથેની તેની આગામી ફિલ્મ બડે મિયાં છોટે મિયાંની રિલીઝની રાહ જોઈ રહ્યો છે. ૧૦મી એપ્રિલે ઈદના અવસર પર આવી રહેલી ટાઈગરની આ એક્શન થ્રિલર તેના કરિયર માટે ખૂબ જ મહત્વપૂર્ણ ફિલ્મ માનવામાં આવે છે. ટાઈગરની છેલ્લી બે ફિલ્મો હીરોપંતી ૨ અને ગણપત ખરાબ રીતે ફ્લોપ થઈ હતી. આવી સ્થિતિમાં, બડે મિયાં છોટે મિયાંની સફળતા ટાઇગર માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ સફળતા એટલા માટે પણ મહત્વની છે કારણ કે ટાઇગરના રેમ્બોનું ભાગ્ય હવે તેની સાથે જોડાયેલું છે. આવો તમને જણાવીએ કે શું છે સમગ્ર મામલો.

બોલિવૂડમાં સિલ્વેસ્ટર સ્ટેલોનની ફિલ્મ રેમ્બોની હિન્દી રિમેકની જાહેરાત ૨૦૧૭માં જ કરવામાં આવી હતી. સિદ્ધાર્થ આનંદના બેનર હેઠળ બની રહેલી આ ફિલ્મનું નિર્દેશન રોહિત ધવન કરવાના હતા અને ટાઈગર શ્રોફ મુખ્ય ભૂમિકામાં હતા. જોકે, સિદ્ધાર્થ આનંદ યુદ્ધ અને પઠાણ જેવી ફિલ્મોમાં વ્યસ્ત હોવાને કારણે રેમ્બો પર કામ અટકી ગયું હતું. બાદમાં કોરોનાને કારણે ફિલ્મ ફરી અટકી ગઈ. જાન્યુઆરી ૨૦૨૪માં સિદ્ધાર્થ આનંદે કહ્યું હતું કે તેઓ ટૂંક સમયમાં જ ફિલ્મ અંગે અપડેટ આપશે. તેના પર કામ એપ્રિલમાં શરૂ થવાનું હતું, પરંતુ હવે ફિલ્મ ફરીથી બેક બર્નર પર હોય તેવું લાગી રહ્યું છે.

રેમ્બોનું નિર્માણ સિદ્ધાર્થ આનંદના માર્ફ્લિક્સ અને જિયો સ્ટુડિયો દ્વારા કરવામાં આવી રહ્યું છે. પરંતુ મેકર્સે તેને હાલ પૂરતું અટકાવી દીધું છે. બોક્સ ઓફિસ વર્લ્ડવાઈડના રિપોર્ટમાં સૂત્રોને ટાંકીને દાવો કરવામાં આવ્યો છે કે ટાઇગરની હીરોપંતી અને ગણપતની કિસ્મત જોયા બાદ મેકર્સ હાલમાં આ ફિલ્મ પર કામ કરી રહ્યા નથી. આ ફિલ્મ ફરી મોકૂફ રાખવામાં આવી છે. રેમ્બોનું બજેટ લગભગ ૧૫૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.

# લગ્નના નામે હત્યાના આરોપીએ કોર્ટમાં ૪૫ દિવસની રજા માંગી : જો કે ૧ ફોટાએ બદલી નાખ્યો ખેલ!

મુંબઇ,
આરોપીએ કોર્ટમાં લગ્નનું બહાનું બતાવીને ૪૫ દિવસની જેલમાંથી રજા માંગી હતી. જો કે તેનો પ્લાન ફ્લોપ થયો જ્યારે તેની પત્ની સાથેનો તેનો ફોટો કોર્ટ સામે આવ્યો. આરોપીએ આઠ વર્ષ પહેલા જ યુવતી સાથે લગ્ન કરી લીધા હતા, જે લગ્નના નામે તે જામીન માગી રહ્યો હતો.

૩૦ વર્ષીય અનિકેત જાધવ અને તેના સહયોગીઓ ઓમકાર ચવ્હાણ (૩૦)ના અપહરણ અને હત્યામાં સામેલ હતા. આરોપ એવો હતો કે ચવ્હાણે તેના મિત્ર અને સહઆરોપીની બહેનને કથિત રીતે હેરાન કર્યા હતા જેનો બદલો લેવા ચવ્હાણનું અપહરણ કરીને તેની હત્યા કરી હતી. એ પછી મૃતકની સોનાની વીંટી અને મોબાઈલ પોતાની સાથે લઈ ગયા. મૃતદેહનો ભુઇંજ સ્મશાનગૃહમાં અગ્નિસંસ્કાર કરીને તેની રાખ કૃષ્ણા નદીમાં વહાવી દીધી જેથી કોઈ પુરાવા ન રહે.

પોલીસે કેસ નોંધી ડૉક્ટર સહિત અન્ય પ્રત્યક્ષદર્શીઓના નિવેદનના આધારે ધરપકડ કરીને આરોપો ઘડ્યા. પોલીસે આરોપીઓના મોબાઈલ ટાવર લોકેશન અને તેમના કોલ ડેટા રેકોર્ડ જેવા પુરાવા પણ એકત્રિત કર્યા હતા. જેમાં આરોપીઓ ઘટના પહેલા અને પછી સતત એકબીજાના સંપર્કમાં હોવાનું બહાર આવ્યું હતું.

જાધવ તરફથી હાજર રહેલા એડવોકેટ ચૈતન્ય પેંડસેએ જણાવ્યું હતું કે તેના લગ્ન એક છોકરી સાથે નક્કી કરવામાં આવ્યા છે. તેઓ સ્કૂલના સમયથી એકબીજાને ઓળખે અને છેલ્લા આઠ વર્ષથી બંને રિલેશનશિપમાં છે. પેંડસેએ જણાવ્યું હતું કે, તેમના લગ્નની તૈયારીઓ ચાલી રહી હતી આ દરમિયાન આરોપી જાધવની ધરપકડ થતા લગ્ન મોકૂફ રહ્યા હતા.

# અંકિતાની ફિલ્મ 'વીર સાવરકર' માટે સાસુમાએ પુત્રવધૂના ખૂબ વખાણ કર્યા



મુંબઇ,
ટીવી એક્ટ્રેસ અંકિતા લોખંડે અને તેના બોયફ્રેન્ડ વિકી જૈને 'બિગ બોસ ૧૭'માં ઘણી ચર્ચા બનાવી હતી. જો કે આ સિઝનમાં વિકીની માતા એટલે કે અંકિતાની સાસુ રંજના જૈનને પણ ઘણી લોકપ્રિયતા મળી હતી. શોના એક ખાસ એપિસોડમાં, રંજના જૈન બિગ બોસના ઘરમાં ગઈ હતી જ્યાંથી બહાર આવ્યા બાદ તેણે નેશનલ ટીવી પર પુત્રવધૂ અંકિતા પર કેટલીક તીક્ષ્ણ ટિપ્પણીઓ કરી હતી.

આ નિવેદનોથી અભિનેત્રીની સાસુ સમાચારમાં રહી હતી. હાલમાં જ એક વીડિયો સામે આવ્યો છે જેમાં રંજના જૈન તેની વહુના ખૂબ વખાણ કરતી જોવા મળી રહી છે. પુત્રવધૂ પ્રત્યેનો તેમનો મૂડ ઘણો બદલાયેલો જણાય છે.

ખરેખર અંકિતા લોખંડેને 'બિગ બોસ ૧૭'માંથી બહાર નીકળતાં જ રણદીપ હુડ્ડા સાથે મોટી ફિલ્મમાં કામ કરવાની તક મળી ગઈ છે. તે 'સ્વાતંત્ર્ય વીર સાવરકર' ફિલ્મમાં જોવા મળશે. આ ફિલ્મમાં તે યમુનાબાઈ સાવરકરની ભૂમિકામાં છે. હાલમાં જ મુંબઈમાં ફિલ્મનો પ્રીમિયર યોજાયો હતો, જ્યાં અંકિતા તેના પરિવાર સાથે પહોંચી હતી.

'બિગ બોસ ૧૭'ના સહ સ્પર્ધકો અભિષેક અને ખાનઝાદી પણ તેની સાથે જોવા મળ્યા હતા. આ સમય દરમિયાન અંકિતાની સાસુ રંજના જૈન પણ જોવા મળી હતી, જ્યાં તેમની વહુને લગતા તેમના શબ્દો બદલાતા જોવા મળ્યા હતા.ખરેખર એક વીડિયો ઓનલાઈન સામે આવ્યો છે. જેમાં રંજના જૈન ફિલ્મના પ્રીમિયર માટે થિયેટરમાં જતી જોવા મળે છે. આ દરમિયાન પાપારાઝી તેને પૂછે છે કે તેને અંકિતાનો અભિનય કેવો લાગ્યો. આના પર રંજના જૈન હસતાં હસતાં તેની વહુના વખાણ કરે છે અને કહે છે.

# અલંગ શિપ બ્રેકીંગ ઉદ્યોગના જીએમબીને લગતા પ્રશ્નોનો ઉકેલ આવતા ધારાસભ્ય જીતુ વાઘાણીનું કરાયેલુ સન્માન

## જીતુભાઈ વાઘાણીની આગેવાનીમાં મુખ્યમંત્રીને રજૂઆત બાદ હકારાત્મક ઉકેલ આવતા શિપ રિસાયકલીંગ એસો. દ્વારા રાજીપો : મુખ્યમંત્રીને સન્માન-આભારદર્શન સ્વીકારવા અને શિપ યાર્ડની મુલાકાત લેવા અપાયું આમંત્રણ

ભાવનગર, તા.૨૭

મહામંદીના વમળમાં ફસાયેલ અલંગ શીપ રિસાયકલિંગ ઉધ્યોગને ધમધમતો કરવા માટે એસોસિએશન દ્વારા પ્રવર્તમાન શીપ રિસાયકલિંગ રેગ્યુલેશન - ૨૦૧૫ માં રહેલી અને અડચણ રૂપ કલમોમાં આનુસંગિક ફેરફાર કરવા માટે ભાવનગર (પશ્ચિમ)ના ધારાસભ્ય અને પૂર્વ શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીના સાથ, સહકાર અને માર્ગદર્શન દ્વારા તેમની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરવામાં આવી હતી. જે રજૂઆતના અનુસંધાને જીએમબી દ્વારા પ્રવર્તમાન શીપ રિસાયકલિંગ રેગ્યુલેશન -૨૦૧૫ માં જે અડચણરૂપ કલમો હતી જેવી કે, પ્લોટમાં બંધારણીય ફેરફારો દરમ્યાન ભરવા પડતા ચાર્જિસમાં, કંપનીના પ્રોફિટ શેરિંગ રેશિયોમાં જે તે સમયની જરૂરિયાત મુજબ કરવામાં આવતા ફેરફારોમાં, માલિકના આકસ્મિક કે કુદરતી મૃત્યુના કિસ્સામાં તેમના જ વરસદારોના નામ ઉમેરવા, તેમજ પુખ્તવયના સીધી લીટીના વરસદારોના નામ ઉમેરવા માટેના નિયમનમાં સરળીકરણ કરવામાં





આવ્યું છે અને તેમાં ભરવા પડતાં ચાર્જિસમાં પણ નાણાકીય રાહત આપવામાં આવેલ છે.

તદ્દુપરાંત આ તમામ પ્રક્રિયાઓ ઓનલાઈન કરવા માટેની પણ તજવીજ હાથ ધરવામાં આવેલ છે, જેથી આ પ્રકારનું કામ ત્વરિત થાય અને સમયની બચત થાય. તેમજ પ્રવર્તમાન પદ્ધતિ પ્રમાણે જીએમબી દ્વારા વોટર ઈલેક્ટ્રીક ચાર્જ પ્રતિ ચોરસ મીટર પ્રમાણે એડવાન્સમાં ઉઘરાવવામાં આવતો હતો તેના બદલે દરેક પ્લોટમાં પાણીનો વપરાશ દર્શાવતું મીટર પણ લગાડી દેવામાં આવેલ હોય, હવેથી જીએમબી દ્વારા પાણીનો ચાર્જ પ્લોટમાં પાણીના વપરાશ મુજબ લેવામાં આવશે.

શીપ રિસાયકલિંગ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા રૂપાણી ખાતેની ઓફિસે એક સન્માન સમારંભ યોજી ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીનું સન્માન કરી આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો. તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, અને ગુજરાત રાજ્યના વિવિધ વિભાગોના મંત્રીઓ અને અધિકારીગણ પ્રત્યે પણ આ બાબતે સંપૂર્ણ સાથ અને સહકાર આપવા બદલ આભાર પ્રસ્તાવ કરાયો હતો.

આ સાથે આ તબક્કે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનું શીપ રિસાયક્લિંગ ઉદ્યોગ અને બીજા સંલગ્ન ઉદ્યોગો દ્વારા ભાવનગર ખાતે સન્માન અને આભાર દર્શન કરવા માટે તેમજ વિશ્વ વિખ્યાત શીપ રિસાયક્લિંગ થાર્ડ અલંગની મુલાકાત લેવા માટે સમય ફાળવવા માટે આમંત્રણ અપાયું છે. આ સમગ્ર સન્માન સમારંભનું સંચાલન શીપ રિસાયકલિંગ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના ઉપપ્રમુખ રમેશભાઈ મેંદપરા દ્વારા કરવામાં આવ્યું હતું.

# લોકભારતી સણોસરામાં ધૂળેટી પર્વે યોજાયો સુર, સંગીત અને હાસ્યનો કાર્યક્રમ



ગોહિલવાડની સુપ્રસિદ્ધ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરામાં ધુળેટી પર્વ પ્રસંગની ઉજવણી કરવામાં આવી. અહીંયા જાણીતા હાસ્ય કલાકાર સુખદેવ ધામેલિયાએ 'હાસ્ય ગુલાલ' કાર્યક્રમમાં સાંપ્રત સ્થિતિ અને પરિસ્થિતિ સાથેનાં જીવંત ઉદાહરણો સાથે હાસ્ય રસ પીરસ્યો. તેઓએ શિક્ષણ અને સંસ્કારનાં ગર્ભિત મર્મો સાથે હાસ્ય છોળ ઉડાવી.આ કાર્યક્રમમાં સુર અને સંગીત સાથે ફાગણની ફોરમ ઉડાવીને કલાકાર ધ્રુવ દવેએ સુંદર ગીતોથી સૌને ડોલાવ્યા. કલાકાર સંજયભાઈ પટેલ દ્વારા પણ પ્રાસંગિક લાભ મળ્યો. ધુળેટી પર્વનાં આ કાર્યક્રમમાં સંચાલન સાથે વિશાલભાઈ જોષીએ પ્રારંભે સ્વાગત અને પરિચય ઉદ્‌બોધન કર્યું. અહી ઉત્સવ સમિતિનું સંકલન રહ્યું. સુર, સંગીત અને હાસ્યનો ઉપક્રમ યોજાયો, જેમાં સંસ્થાનાં અગ્રણીઓ હસમુખભાઈ દેવમુરારિ, રાજેન્દ્રભાઈ ખિમાણી સાથે વિભાગીય આચાર્યો, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓએ મોજ માણી.

# ૩૧મીએ લેવાનાર ગુજકેટ પરીક્ષા સંદર્ભે જરૂરી પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પ્રસિદ્ધ

## ગુજકેટની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં, ગેરરીતિ વગર યોજાય તે માટે તંત્ર સજ્જ

ભાવનગર, તા.૨૬

આગામી તા. ૩૧ને રવિવારના સવારે ૧૦થી સાંજના ૪ વાગ્યા સુધી ભાવનગર શહેરમાં ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) ની ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ પરીક્ષા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડા તત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું એન.ડી.ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર કેટલાક જરૂરી પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પ્રસિદ્ધ કર્યું છે.

જાહેરનામા અનુસાર પરીક્ષાના દિવસે પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેક્સ/સ્કેનરનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ/ફેકસ/સ્કેનર મશીનના ઉપયોગ પર, પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પીકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર, પરીક્ષા કેન્દ્રોમાં મોબાઈલ ફોન કે અન્ય ઈલેક્ટ્રોનીકસ ગેઝેટ લઈ જવા તથા તેના ઉપયોગ પર, પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજ્યામાં ૪ (ચાર) કે તેથી વધુ માણસો એકઠા થવા પર, પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવાયો છે.

જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ ૧૮૮ મુજબ સજા થશે. જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવાઅને ફોજદારી કામ માંડવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીને અધિકૃત કરવામાં આવ્યા છે.

# વૈદ્ય રસિકભાઈ શેઠ માર્ગ પર ગ્રીનસીટી દ્વારા વૃક્ષારોપણ




ભાવનગર, તા.૨૭

ગ્રીનસીટી દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યું છે. આજ સુધીમાં ગ્રીનસીટી દ્વારા શહેરમાં ૪૭૦૦૦ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ તથા તેનો ઉછેર કરવામાં આવ્યો છે. હાલમાં શહેરના એરપોર્ટ રોડ પર તાજેતરમાં જ નામકરણ કરવામાં આવેલ તે વૈદ્ય રસિકભાઈ શેઠ માર્ગ પર શેઠ બ્રધર્સના ભાનુબેન કીશનલાલ શેઠના હસ્તે ૧૧ સપ્ટપર્ણીના વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શેઠ બ્રધર્સના દેવેનભાઈ શેઠ, મલ્લીકાબેન શેઠ સહિતના પરિવારના અન્ય સભ્યો હાજર રહ્યા હતા. વૃક્ષારોપણ સાથે તેને નિયમિત રીતે પાણી આપી ઉછેરવાનુ કામ પણ ગ્રીનસીટી દ્વારા કરવામાં આવે છે.

# સિહોરની ગૌતમી નદી અને કુંડ તંત્રનાં પાપે દૂષિત





**સ્વચ્છ ભારતના નારા વચ્ચે નદીમાં ચારે બાજુ ગંદકી અને પ્રદૂષણ**

ઈશ્વરિયા, તા.૨૭

ગોહિલવાડની ઐતિહાસિક અને છોટે કાશી ગણાતી નગરી સિહોરમાં ચારે બાજુ ગંદકી અને પ્રદૂષણ રહેલું છે.

સિહોરમાં ગૌતમી નદી અને કુંડ વિસ્તારમાં કેટલાંયે સમયથી કોઈ સફાઈ કરવામાં આવી નથી. સરકારી અને રાજકીય હેતુનાં સ્વચ્છતાનાં અનેક અર્થહીન કાર્યક્રમોમાં નેતાઓ અને અધિકારીઓ ભારે હરખ સાથે જોડાતાં હોય છે, પણ આ બધું માત્ર કાર્યક્રમ કરી બતાવવાં જ રહ્યું છે.

નગરને વિવિધ સુવિધા માટે અગાઉ દાતાઓ દ્વારા ઉદાર સહયોગ મળેલો છે, પણ હાલ બધું ખંઢેર સ્થિતિમાં હોય તેમ લાગે છે. પવિત્ર નગરી સિહોરમાં ગૌતમી નદીમાં અને કુંડ વિસ્તારમાં ઠેર ઠેર ગંદકી કચરો રહેલો છે, સમગ્ર ધાર્મિક પરિસર આસપાસ બધું દૂષિત રહ્યું છે , આમ છતાં એક પણ આગેવાન આ પ્રદૂષણ માટે કશું કરતાં નથી તે કઠણાઈ છે.

# ગંદકી ફેલાવાતા પાલિતાણાની કસ્તુરધામ ધર્મશાળાના મેનેજર સામે થઈ ફરિયાદ

## ગટરનુ દૂષિત પાણી રસ્તા પર કાઢતા રોગચાળો ફેલાવાની દહેશત, રહીશો, વાહન ચાલકો તોબા પોકારી ગયેલા, પાચ મહિના અગાઉ ૧૦ હજારનો દંડ પણ ફટકારેલો

ભાવનગર,તા.૨૭

પાલીતાણાના પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ એન્ડ એડી.ચીફ. જ્યુડી.મેજીસ્ટ્રેટ દ્વારા નગરપાલીકાની ગટર લાઈન ઉભરાતી હોય જે બાબતે નગરપાલિકા તથા કસ્તુરધામ ધર્મશાળાના મેનેજરને નોટીસ ફટકારીને કોર્ટમા હાજર રહેવા તાકીદ કરી હતી. જે અન્વયે પાલિકા અને તળેટી ખાતેની કસ્તુરધામ ધર્મશાળાના મેનેજર ભાવેશભાઈ સંઘવી હાજર રહ્યા હતા. દરમ્યાન બંને પક્ષને જજ એમ.એ. વ્યાસ દ્વારા સાંભળ્યા હતા. બાદ આ અંગે કોર્ટ દ્વારા પોલીસ ફરીયાદ કરવા જણાવતા ટાઉન પોલીસ સ્ટેશનમાં જવાબેદાર અધીકારીને કોર્ટ મા બોલાવી એક લેખીત યાદી આપી કસ્તુર ધામ ધર્મશાળાના મેનેજર ભાવેશભાઈ સંઘવીને સોપી ગુનો દાખલ કરી તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવા જણાવ્યુ હતું.

આ મામલે નગરપાલિકાના સુપરવાઈઝર દિલીપ મહેતાએ ફરિયાદ નોંધાવી હતી, જેમાં જણાવાયુ હતું કે, કસ્તુરધામ ધર્મશાળામા પાલીતાણા નગરપાલીકા તરફથી ગટર લાઇનનુ જોડાણ આપેલ છે, તેની ધર્મશાળાની ગટર લાઈન આ નગરપાલીકા ગટર લાઇન સાથે જોડાયેલ છે, પરંતુ આ ધર્મશાળાના મેનેજર પોતાની બેદરકારીના કારણે જેમા તેની ધર્મશાળામા આ ગટર લાઈનો ઉપર સેમ્ટીટેક કુંડીઓ બનાવેલ નહી હોવાથી અગાઉ સ્થળ ઉપર તપાસ કરીને નગરપાલીકા તરફથી વારંવાર નોટીસો આપી તથા રૂબરૂમા જાણ કરી હતી. તેમ છતા સેમ્ટીટેક કુડીઓ બનાવેલ નહી, જેના કારણે આ ગટરો વારંવાર ઉભરાઈ જતી તથા કસ્તુરધામ ધર્મશાળાની ભોજનશાળાની તપેલીઓ, ચમચા તથા બાથરુમનો મળ બહાર આવતો હોય છે, જેના કારણે રાહદારીઓને હાલવા ચાલવામા તકલીફ થતી હતી, વાહન ચાલકો ત્યાથી પસાર થાય તો આ ગટર ઉભરાવાથી થતી ચીકાશના કારણે વાહન અકસ્માતો થતા હોય જેથી ન.પા.એ તેની બેદરકારીને કારણે કસ્તુરધામ ધર્મશાળા પાસેથી પાલીતાણા નગરપાલીકા તરફથી રૂ-૧૦૦૦૦નો દંડ વસુલ્યો હતો.

તેમ છતા આ કસ્તુરધામ ધર્મશાળાના મેનેજરે આ વાત ધ્યાનમાં ન રાખી બેદરકારી રાખી કોઇ યોગ્ય કાર્યવાહી કરેલ નહી, જેના કારણે છેલ્લા ચાર પાચેક મહીનાથી ગટર ઉભરાઈ જવાના કારણે પાલીતાણા તળેટી નજીક ભુમી સોસાયટી પાસે ગંદુ પાણી તથા કચરો તથા મળ મુત્ર કસ્તુરધામ ધર્મશાળાની ભોજનશાળાની તપેલીઓ, ચમચા તથા બાથરુમનો મળ બહાર નીકળ્યો હતો.. જેના કારણે ત્યા આ ગટરનુ ગંદુ પાણી ભરાતા આજુબાજુના લોકોને આ દુર્ગંધ આવતી હોય તથા રોગશાળો ફેલાઈ રહ્યો હોય આ જાહેર ત્રાસદાયક કૃત્ય કરી અને માણસોની જીંદગીને જોખમકારક રોગનો ચેપ ફેલાવવાનો સંભવ હોય તેવુ તેનુ આ કુત્ય હોય જેથી આ કસ્તુરધામ ધર્મશાળાના મેનેજર ભાવેશ ભાઈ સંઘવી સામે કલમ ૨૬૮. ૨૬૯, ૨૭૦ મુજબ ધોરણસર કાર્યવાહી હાથ ધરવા ફરિયાદ પાલિતાણા ટાઉન ફરિયાદ નોંધાવી હતી.

## અવસાન નોંધ

**લુહાર મરણ (સુરત)**

ગં.સ્વ.રંભાબેન કનૈયાલાલ સિધ્ધપુર (ઉ.વ.૭૩) તા.૨૩ના તે સુરત મુકામે રામચરણ પામેલ છે તે ભડી-ભંડારીયાવાળા સ્વ.પ્રભુભાઈ રતીલાલ રાઠોડ, સ્વ. કેશુભાઈ, સ્વ. મનુભાઈ, સ્વ. જેન્તીભાઈ સ્વ. જગદીશભાઈ, લાલજીભાઈ, તથા વિઠ્ઠલભાઈ,સ્વ. રમેશભાઈ હરજીવનભાઈના બેન, કાન્તીભાઈ પ્રભુભાઈ, હિતેશભાઈ મનુભાઈ, પ્રકાશભાઈ જયંતિભાઈ, વિપુલભાઈ લાલજીભાઈ, ભાવેશભાઈ વિઠલભાઈ, નિલેશભાઈ રમેશભાઈના ફઈ થાય. તેમનું પિયર પક્ષનું બેસણું તા.૨૮ને ગુરૂવારના રોજ ભડી ભંડારીયા મુકામે સાંજના ૪ થી ૬ રાખેલ છે.

**સિંધી મરણ**

ભાવનગર નિવાસી સુશીલાબેન અશોકકુમાર દાદવાણી (ઉ.વ.૭૮) કે જેઓ સ્વ. અશોકકુમારના પત્ની તેમજ મુકેશભાઈ અને પ્રેમભાઈ (પ્રેમ મોબાઈલ) (દેવ ફ્રૂટ)ના માતુશ્રી, પન્નાલાલ, મનુભાઈ, ભોલુભાઈ, પ્રકશભાઈ, ભગવાનભાઈ, દીપકભાઈ (વંથલી વાળા)ના કાકી, હિમેશ અને દેવના દાદી, પરમ પૂજ્ય દુઃખ ભંજની દેવુમાઁના ભાભી થાય તેમનું તા.૨૬ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૮ને ગુરુવારના રોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ સુધી સ્વામી લીલાશાહ ભવન, સંત પ્રભારામ હોલ સામે, સિન્ધુનગર, ભાવનગર મુકામે ભાઈઓ બહેનો માટે સાથે રાખેલ છે.

# નેપાળ ઈન્ટરનેશનલમાં કમલા પાટીદારને ૩ મેડલ



ગત તા.૧૪ થી ૧૬ માર્ચ દરમિયાન રમાયેલી ઈન્ડો - નેપાળ ઈન્ટરનેશનલ ગેમ્સમાં ભાવનગરના કમલાબેન પાટીદારે ભાગ લીધો હતો. અને અલગ અલગ સ્પર્ધામાં ત્રણ મેડલ મેળવ્યા હતા. તેમણે હેમર થ્રો, ડીસ થ્રો તેમજ શોટપુટમા ગોલ્ડમેડલ પ્રાપ્ત કરી ભાવનગરનુ નામ રોશન કર્યું હતું. આ અગાઉ પણ મલેશિયા ઈન્ટરનેશનલ માં પણ એક બ્રોન્ઝ, એક ગોલ્ડ અને એક સિલ્વર એમ ચાર મેડલ તેમણે મેળવ્યા હતા. હાલ તેઓ ૭૧ વર્ષના હોવા છતાં નેશનલ તથા ઈન્ટરનેશનલ ગેમ રમી રહ્યા છે. ૪૫ વર્ષની ઉમરથી તેઓએ ગેમ્સમાં ભાગ લેવાનું શરૂ કરેલ અને અત્યાર સુધીમાં અનેક મેડલો મેળવી ચૂક્યા છે.

# શહેરના ઈસ્કોન મંદિરમાં ગૌર પૂર્ણિમા ધુળેટી ઉત્સવ ઉજવાયો



ભાવનગર, તા.૨૭

૫૩૪ વર્ષ પહેલા બંગાળમા આવેલ નવદીપમાં પ્રગટ થયેલ ભગવાન ચેતન્ય મહાપ્રભુનો જન્મદિવસ ઈસ્કોન મંદિર ભાવનગરમાં ધામધૂમથી ઉજવવામાં આવ્યો. ભગવાન કૃષ્ણ ચૈતન્ય મહાપ્રભુનો સુંદર દિવ્ય અભિષેક કરવામાં આવ્યો હતો જેમાં ૧૦૦ ભક્તોએ ભગવાનને પંચામૃત અને ફળોના જ્યુસ દ્વારા અભિષેક કરીયો હતો ઈસ્કોન ભાવનગરના પ્રહલાદ સ્કૂલના નાના બાળકોએ સુંદર ચૈતન્ય મહાપ્રભુની જીવન ચરિત્રની નાટીકા ભજવી હતી અને શ્રીમદ્ ભગવત ગીતાના શ્લોકોનું ગાન કર્યું હતું. વિશેષ ભગવાન ચૈતન્ય મહાપ્રભુના સિંગાર અને વાઘા ડ્રેસ લંડનથી આવેલ કૃપાબેને બનાવ્યા હતા. ભગવાન ચૈતન્ય મહાપ્રભુજીનું જીવન ચરિત્ર કથા ઈસ્કોન ભાવનગરના અધ્યક્ષ વેણુ ગાયક દાસજીએ કહી હતી આ ઉત્સવમાં વૃંદાવનથી ગરુડધ્વજ પ્રભુ અને ઓસ્ટલિયાથી મુરલી ગોપીનાથ પ્રભુ અને પ્રિયા મંજરી માતાજી સુરતથી કિર્તનકાર પદ્મ લોચન પ્રભુ આવીને ઉત્સવની શોભા વધારી હતી.

# આજે સાંજે શિશુવિહારમાં મળશે બુધસભાની બેઠક

ભાવનગર,તા.૨૭

૧૯૮૦થી અવિરત ચાલતી કાવ્યપ્રવૃત્તિ શિશુવિહાર બુધાભાના ૨૨૮૦મા મણકામાં આજે તા. ૨૭ માર્ચને બુધવારે સાંજે ૬/૧૫ કલાકે શબ્દસ્થ કવિ ગુણવંત ઉપાધ્યાયની કવિતાઓ વિશે જિજ્ઞાબેન ત્રિવેદી સંવાદ કરશે. વર્ષાબેન જાનીના સંચાલન અંતર્ગત યથાવકાશે ઉપસ્થિત કવિમિત્રો પોતાની કવિતાઓનું પઠાણ કરશે. રસ ધરાવતા કવિતાપ્રેમી ભાવકોને ઉપસ્થિત રહેવા જણાવાયુ છે.


અરજદાર તરફે વિ.વ. શ્રી આર.પી.વાળા

**પાલીતાણાના મ્હે. એડી.ચીફ જ્યુડી. મેજી.સાહેબની કોર્ટમાં,**
**(શ્રી આર.વી.પટેલસાહેબની કોર્ટમાં)**

ધનજીભાઈ હરીભાઈ કેવડીયા,
ઉ.વ.આ.૫૭, ધર્મે-હિન્દુ, ધંધો - ખેતી,
રહે.બહાદુરપુર ગામ, તા.પાલીતાણા ...અરજદાર

પર.ફોજ અરજી નં. ૧૫૨/૨૦૨૪
મુ. તા : ૨૬/૦૪/૨૦૨૪

વિરૂધ્ધ

તલાટી કમ મંત્રીશ્રી
બહાદુરપુર ગ્રામ પંચાયત કચેરી,
મું.બહાદુરપુર ગામ તા.પાલીતાણા .....સામાવાળા

બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે આ કામના ઉપરોક્ત જણાવેલ અરજદારે તેમના પત્નિ સ્વ.હીરાબેન ધનજીભાઈ કેવડીયાનું મરણ તારીખ-૧૫/૦૪/૧૯૯૩ના રોજ બહાદુરપુર ગામ, તા.પાલીતાણા મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મતલબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દાખલ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોઈ તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તારીખ : ૨૬/૦૪/૨૦૨૪ ના રોજ સવારે ૧૦ : ૩૦ કલાકે હાજર રહેવું. તેમ કરવામાં કસુર થયેથી ધારાસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતા જોગ જાણ કરવામાં આવે છે .

આજરોજ તા.૨૬ માહે : માર્ચ, સને-૨૦૨૪ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર,
(વી.એમ.ગોહીલ)
આસિસ્ટન્ટ.
જ્યુડી.મેજી.ફ.ક.કોર્ટ,
પાલીતાણા

કોર્ટનો સિક્કો

હુકમથી
(એચ.આર.ગોહેલ)
ડે. રજીસ્ટ્રાર
જ્યુડી. મેજી. કોર્ટ,
પાલીતાણા

# હીટ વેવથી મતદારોને બચવા માટે ચૂંટણી પંચે એડવાઈઝરી કરી જાહેર

નવી દિલ્હી,
ભારતીય હવામાન વિભાગે ગયા વર્ષની સરખામણીમાં આ ઉનાળાની ઋતુમાં તીવ્ર ગરમી અને ગરમીના મોજાંની શક્યતા વ્યક્ત કરી છે. ઉનાળાની ઋતુનો સમયગાળો પણ લાંબો હોઈ શકે છે. દરમિયાન, લોકસભા ચૂંટણી-૨૦૨૪ દેશમાં ૧૯ એપ્રિલથી ૧ જૂન સુધી સાત તબક્કામાં યોજાઈ રહી છે. આવી સ્થિતિમાં, ચૂંટણી દરમિયાન લોકોને કાળઝાળ ગરમીથી બચાવવા માટે ભારતના ચૂંટણી પંચે તમામ રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારી એટલે કે સીઈઓને એડવાઈઝરી જારી કરી છે.

ચૂંટણી પંચે કહ્યું કે આ એડવાઈઝરીમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સીઈઓને મતદાનના દિવસે તમામ મતદાન સ્થળો અને મતદાન મથકો પર મતદારો, પોલિંગ પાર્ટી અને પોલિંગ એજન્ટોને ગરમીથી બચાવવા માટે પૂરતી વ્યવસ્થા કરવા માટે કહેવામાં આવ્યું છે. મતદાન સૂચનામાં કહેવામાં આવ્યું છે કે દેશના તમામ મતદાન કેન્દ્રો ગ્રાઉન્ડ ફ્લોર પર બનાવવામાં આવશે. ગ્રાઉન્ડ ફ્લોરથી ઉપરના કોઈપણ માળે મતદાન મથક બનાવવામાં આવશે નહીં. જેથી તમામ પ્રકારના મતદારો સરળતાથી મતદાન મથકો પર જઈને મતદાન કરી શકે.

### વાહનવ્યવહારની પણ વ્યવસ્થા

**જો કોઈ વૃદ્ધ કે વિકલાંગ મતદાર તેના ઘરેથી મતદાન મથક સુધી જઈ શકે તેમ ન હોય. ત્યારે આવા મતદારોને મતદાન મથક સુધી લાવવા અને પછી તેમના ઘરે મૂકવા માટે વાહનવ્યવહારની પૂરતી વ્યવસ્થા કરવાની જવાબદારી સીઈઓને સોંપવામાં આવી છે. મોડલ મતદાન મથકો બનાવવામાં આવશે. ગરમીથી બચવા માટે ટેન્ટ લગાવવામાં આવશે. જો મતદારોની લાંબી કતારો હશે તો તેમના બેસવાની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે અને તેમને ગરમીથી બચાવવા માટે ટેન્ટ લગાવવામાં આવશે. મતદારોને માહિતી આપવા માટે મતદાન મથકો પર પૂરતા પ્રમાણમાં સાઈન બોર્ડ લગાવવામાં આવશે.**

### દર બે કિલોમીટરે મતદાન મથક

**મતદારોએ મતદાન કરવા માટે તેમના ઘરથી બહુ દૂર ચાલીને જવું ન પડે તે માટે દર બે કિલોમીટરની ત્રિજ્યામાં મતદાન મથકો બનાવવામાં આવશે. આમાં રેમ્પ પણ બનાવવામાં આવશે. જેથી વૃદ્ધ અને વિકલાંગ મતદારો આરામથી જઈ શકે. સ્ત્રી-પુરુષ અને વિકલાંગ મતદારોને ધ્યાનમાં રાખીને તમામ મતદાન સ્થળોએ શૌચાલયની સુવિધા પણ રાખવામાં આવશે. તેમજ બેસવા માટે પર્યાપ્ત સંખ્યામાં ખુરશીઓ અને બેન્ચો લગાવવામાં આવશે. દરેક મતદાન સ્થળે પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાનો નિર્દેશ સીઈઓને આપવામાં આવ્યો છે.**

# યુનાઈટેડ સ્ટેટ્સના રાજ્યમાં ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકો પર સોશિયલ મીડિયાનો ઉપયોગ પર પ્રતિબંધ

ફ્લોરીડા,
આજકાલ લગભગ દરેક લોકો સોશ્યલ મીડિયા વાપરે છે. શાળામાં ભણતા બાળકોથી લઈને વૃદ્ધો દરેક લોકો સોશિયલ મીડિયાનો અઢળક ઉપયોગ કરે છે. જો કે ઘણા એવા કિસ્સાઓ પણ સામે આવ્યા છે જેમાં સોશિયલ મીડિયાને કારણે બાળકો પર ખરાબ અસર પણ પડી હોય યુનાઈટેડ સ્ટેટ્સના રાજ્યમાં ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકો પર સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.



હવે યુનાઈટેડ સ્ટેટ્સના ફ્લોરિડા રાજ્યમાં ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકો પર હવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ૨૫ માર્ચના રોજ ફ્લોરિડા રાજ્યના ગવર્નર રોન ડીસેન્ટિસે કાયદા પર હસ્તાક્ષર કર્યા હતા જેમાં કહેવામાં આવ્યું છે કે ૧૪ થી ૧૫ વર્ષની વયના બાળકોને પણ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવા માટે માતાપિતાની સંમતિની જરૂર પડશે. આ પગલું બાળકોને તેમના માનસિક સ્વાસ્થ્ય માટેના ઓનલાઈન જોખમોથી બચાવવા માટે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે તે તમામ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ બંધ કરવા પડશે જેમાં માતાપિતાની સંમતિ નથી.

# પાગલ પતિનું ભયાનક કૃત્ય, પત્ની અને બે દીકરીઓને ઘરમાં બંધ કરીને જીવતી સળગાવી

મુંબઈ,
મહારાષ્ટ્રના માણસે પત્ની અને ૨ પુત્રીઓને જીવતી સળગાવી: ક્રૂરતાની હદ દર્શાવતી એક ઘટના મહારાષ્ટ્રના અહમદનગર શહેરના એક ગામમાંથી પ્રકાશમાં આવી છે. અહીંના એક ખેડૂતે તેની પત્નીને બે સગીર છોકરીઓ સાથે ઘરમાં બંધ કરીને જીવતી સળગાવીને જીવ લઈ લીધો. ૪૫ વર્ષના ખેડૂત સુનીલ લાંડગેની પોલીસે ધરપકડ કરી છે. તેમની પત્ની લલિતા ૩૫ વર્ષની હતી. તેમની મોટી દીકરી સાક્ષી ૧૪ વર્ષની હતી અને નાની ખુશી માત્ર ૧ વર્ષની હતી.

સુનિલે સવારે આ ઘટનાને અંજામ આપ્યો હતો. પોલીસે જણાવ્યું કે સવારે ૧૦.૩૦ વાગ્યે તેણે ઘરને બહારથી તાળું મારી દીધું હતું અને બારીમાંથી પેટ્રોલ છાંટ્યું હતું. આ પછી તેણે ઘરને આગ લગાવી દીધી. મહિલા અને બાળકોની ચીસો પાડોશીઓએ સાંભળી ત્યાં સુધીમાં આખું ઘર આગની લપેટમાં આવી ગયું હતું. પોલીસે જણાવ્યું કે આ પછી સુનીલે ત્યાંથી ભાગવાનો પ્રયાસ પણ કર્યો ન હતો. જ્યાં સુધી પોલીસ ઘટના સ્થળે પહોંચી ત્યાં સુધી તે તે જ જગ્યાએ ઊભો રહ્યો. ગ્રામજનો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, સુનિલને તેની પત્નીના ચારિત્ર્ય પર શંકા હતી. તે ઘણીવાર તેણીને માર પણ મારતો હતો. શનિવારે રાત્રે સુનિલને તેની પત્ની સાથે ઝઘડો થયો હતો.

# શાંતિવાદી સિદ્ધાંતોને પાછળ છોડીને જાપાન હવે પોતાના ફાઈટર પ્લેન વેચવા તૈયાર

ટોકયો,
જાપાને એક મોટો નિર્ણય લીધો છે. આ પહેલીવાર છે જ્યારે જાપાને તેના શાંતિવાદી સિદ્ધાંતોને છોડીને ફાઈટર એરક્રાફ્ટ વેચવાનો નિર્ણય લીધો છે. જાપાન અન્ય દેશોની સાથે બ્રિટન અને ઈટાલી સાથે મળીને તેના ફાઈટર એરક્રાફ્ટને વિકસાવી રહ્યું છે. આ નિર્ણય બાદ જાપાન સંયુક્ત ફાઈટર જેટ પ્રોજેક્ટમાં તેની ભૂમિકા સુનિશ્ચિત કરશે.

જાપાનની કેબિનેટે શસ્ત્રો સાધનોની માર્ગદર્શિકામાં સુધારાને પણ સમર્થન આપ્યું હતું. આનાથી અન્ય દેશોને ફાઈટર એરક્રાફ્ટ સહિતના ઘાતક હથિયારોના વેચાણની મંજૂરી મળશે. તમને જણાવી દઈએ કે આ પહેલા જાપાનમાં શાંતિવાદી બંધારણ હેઠળ હથિયારોની નિકાસ પર પ્રતિબંધ હતો. હવે



તેણે ચીન સાથે વધી રહેલા વૈશ્વિક તણાવ વચ્ચે આ પગલું ભર્યું છે. હાલમાં, જાપાન અમેરિકા દ્વારા ડિઝાઈન કરાયેલા એફ-૨ ફાઈટર પ્લેન અને બ્રિટન દ્વારા ઉપયોગમાં લેવાતા યુરોફાઈટર ટાયફૂનને બદલવા માટે નવી ટેક્નોલોજી ફાઈટર પ્લેન તૈયાર કરી રહ્યું છે. ઈટાલી અને બ્રિટન આ કામમાં જાપાનને સહકાર આપી રહ્યા છે.

આ એક્શન પ્લાનને ગ્લોબલ કોમ્બેટ એર પ્રોગ્રામ નામ આપવામાં આવ્યું છે, જેનું મુખ્ય મથક બ્રિટનમાં છે. અગાઉ જાપાન હ્ન-ઠ નામની સ્થાનિક ડિઝાઈન પર કામ કરી રહ્યું હતું. જાપાનને આશા છે કે રશિયા અને ચીન સામે વધી રહેલા તણાવ વચ્ચે તેના દ્વારા વિકસિત નવું એરક્રાફ્ટ અદ્યતન હથિયાર સાબિત થશે.

જાપાનની કેબિનેટે પણ શસ્ત્રો અને ટેકનોલોજી ટ્રાન્સફર માર્ગદર્શિકામાં સુધારાને સમર્થન આપ્યું છે. આનાથી અન્ય દેશોને ઘાતક હથિયારોના વેચાણની મંજૂરી મળશે. જાપાને તેના શાંતિવાદી બંધારણ હેઠળ લાંબા સમયથી શસ્ત્રોની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે, પરંતુ ચીન સાથે વધતા પ્રાદેશિક અને વૈશ્વિક તણાવ વચ્ચે દેશે ઝડપથી કાર્યવાહી કરી છે. જેટ વેચવાના નિર્ણયથી જાપાન પ્રથમ વખત અન્ય દેશોમાં ઘાતક હથિયારોની નિકાસ કરી શકશે.

# મહારાષ્ટ્ર માટે એનડીએમાં સીટ વહેંચણી અંગે સમજૂતી: ૨૮ માર્ચે કરાશે જાહેરાત

મુંબઈ,
મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપીના વડા અજિત પવારે કહ્યું કે મહાયુક્તિ તમામ ૪૮ બેઠકો પર ચૂંટણી લડશે. તેમણે વધુમાં કહ્યું કે લગભગ તમામ મુદ્દાઓ પર ચર્ચા થઈ છે. મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમએ કહ્યું કે એનસીપીના પ્રદેશ અધ્યક્ષ સુનીલ તટકરેને રાયગઢ લોકસભા સીટ પરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. મીડિયા સાથે વાત કરતા અજિત પવારે કહ્યું, "કોણ કઈ સીટ પરથી ચૂંટણી લડશે તે નક્કી થઈ ગયું છે. લગભગ ૯૦ ટકા બાબતો નક્કી થઈ ગઈ છે. હવે ૨૮ માર્ચે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દ્વારા તમામ જાહેરાતો કરવામાં આવશે."

મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમએ કહ્યું, "ભવ્ય રણનીતિમાં કોઈ મૂંઝવણ નથી. અમે સાથે બેસીને સીટ સમજૂતી પર ચર્ચા કરી. સીટ સમજૂતી પર ભાજપ અને શિવસેનાએ પણ સહકાર આપ્યો. હવે તમામ જાહેરાતો ભાજપ અને શિવ સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં કરવામાં આવશે.

તમને જણાવી દઈએ કે મહારાષ્ટ્રની ૪૮ સીટો પર ૧૯ એપ્રિલથી ૨૦ મે સુધી પાંચ તબક્કામાં લોકસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે. પરિણામ ૪ જૂને આવશે.

# રામકૃષ્ણ મિશનના પ્રમુખ સ્વામી સ્મરણાનંદ મહારાજનું ૯૫ વર્ષની વયે થયું નિધન

રામકૃષ્ણ મઠ અને રામકૃષ્ણ મિશન, બેલુર મઠના પ્રમુખ સ્વામી સ્મરણાનંદજી મહારાજનું લાંબી માંદગી બાદ મંગળવારે રામકૃષ્ણ મિશન સેવા પ્રતિષ્ઠાન ખાતે નિધન થયું છે. ૯૫ વર્ષીય સાધુ ૧ માર્ચ, ૨૦૨૪ થી વય સંબંધિત બીમારીની સારવાર હેઠળ હતા.

રામકૃષ્ણ મઠ અને મિશનના ભૂતપૂર્વ પ્રમુખ સ્વામી આત્મસ્થાનંદ મહારાજના નિધન પછી સ્વામી સમરનાનંદ મહારાજે રામકૃષ્ણ મઠ અને મિશનના ૧૬મા પ્રમુખ તરીકે



કાર્યભાર સંભાળ્યો. તેમણે ૧૭ જુલાઈ, ૨૦૧૭ના રોજ રામકૃષ્ણ મઠના પ્રમુખ તરીકે ચાર્જ સંભાળ્યો હતો. તેઓ છેલ્લા ૭ મહિનાથી વૃદ્ધાવસ્થા સંબંધિત બિમારીથી પીડાતા હતા. તેઓ લગભગ એક મહિના સુધી કોલકાતાની રામકૃષ્ણ મિશન સેવા પ્રતિષ્ઠાન હોસ્પિટલમાં દાખલ હતા. ન્યુરોલોજી અને અન્ય વિભાગોના ડોકટરોએ તેમને નિયમિત નિરીક્ષણ હેઠળ રાખ્યા હતા. શ્રેષ્ઠ તબીબી સંભાળ હોવા છતાં, છેલ્લા કેટલાક દિવસોમાં તેમની તબિયત બગડી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદી, પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જી અને પ. બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝ આ મહિનાની શરૂઆતમાં બીમાર મહારાજને મળ્યા હતા.

# કેસીઆરની પુત્રી કે. કવિતાની મુશ્કેલી વધી : કોર્ટે ૯ એપ્રિલ સુધી કસ્ટડી વધારી

નવીદિલ્હી,
દિલ્હીમાં કથિત લિકર પોલિસી કૌભાંડમાં મની લોન્ડરિંગ કેસ અંતર્ગત ઈડીની કસ્ટડીમાં રહેલા બીઆરએસ નેતા અને તેલંગાણાના પૂર્વ મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર રાવ (કેસીઆર)ની પુત્રી કે. કવિતાને રાઉઝ એવન્યુ કોર્ટે ૯ એપ્રિલ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપ્યા છે. કે. કવિતાએ પુત્રની પરીક્ષા માટે વચગાળાના જામીન પણ માગ્યા હતા. આ અંગે રાઉઝ એવન્યુ કોર્ટ ૧ એપ્રિલે સુનાવણી કરશે. અગાઉ, ઈડી કવિતાને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવા માટે કોર્ટમાં અરજી કરવામાં આવી હતી.

ઈડીએ જ્યુડિશિયલ કસ્ટડી અરજીમાં જણાવ્યું હતું કે, "કે. કવિતા ખૂબ જ તાકતવર નેતા છે જે આ કેસના સાક્ષીઓ ઉપર દબાણ લાવી શકે છે. જો તેમને જામીન આપવામાં આવશે તો તે બહાર રહીને પુરાવાનો નાશ કરી શકે છે. જેનાથી હાલમાં ચાલી રહેલી તપાસને અસર થઈ શકે છે. આ મામલે ઈડી આરોપીની ભૂમિકાની તપાસ કરી રહી છે અને આ ગુના થકી મેળવેલી કમાણીની તપાસ કરવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે. આ ઉપરાંત આ ગુનાની આવક સાથે સંકળાયેલા લોકોને શોધી કાઢવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે."

# US પુલ અકસ્માતમાં ૬ લોકો મૃત જાહેર

## મેરીલેન્ડના ગવર્નરે કહ્યું- ભારતીય ક્રૂએ સમયસર માહિતી આપી

અમેરિકાના મેરીલેન્ડમાં જહાજ અથડાયા બાદ બાલ્ટીમોરનો ફ્રાન્સિસ સ્કોટ કી બ્રિજ અમેરિકન સમય મુજબ સોમવારે મોડી રાત્રે તૂટી પડ્યો હતો. કોસ્ટ ગાર્ડ ઓફિસર એડમિરલ શેનન ગિલરેથે મંગળવારે સાંજે જણાવ્યું હતું કે એક કલાક સુધી ચાલેલા સર્ચ ઓપરેશન બાદ છ ગુમ થયેલા લોકોને મૃત જાહેર કરવામાં આવ્યા છે.

એડમિરલે કહ્યું- અમે પટાપ્સકો નદીમાં ઘણા કલાકો સુધી સર્ચ ઓપરેશન ચલાવ્યું. પાણીના તાપમાન અને અન્ય પરિબળોના આધારે અમે માનીએ છીએ કે નદીમાં પડી ગયેલા છ લોકો માટે જીવિત રહેવું અત્યંત મુશ્કેલ છે. આને ધ્યાનમાં રાખીને, અમે સક્રિય સર્ચ ઓપરેશન બંધ કરી રહ્યા છીએ. જો કે કોસ્ટ ગાર્ડ અને અન્ય અધિકારીઓ હજુ પણ અહીં હાજર રહેશે.

ડાલી જહાજ પર હાજર ૨૨ ક્રૂ મેમ્બર ભારતીય હતા, જે તમામ સુરક્ષિત છે. સીએનએન ન્યૂઝ અનુસાર, મેરીલેન્ડના ગવર્નર વેસ મૂરે કહ્યું કે જહાજના ક્રૂએ સમયસર ખતરાની જાણ કરી હતી. જેના કારણે બ્રિજ પર વાહનવ્યવહાર બંધ થઈ ગયો હતો અને અનેક લોકોના જીવ બચી ગયા હતા. મેરીલેન્ડના ગવર્નર વેસ મૂરે જણાવ્યું હતું કે, મેડે (ઈમરજન્સી) કૉલ જાહેર કર્યો હતો. તેમની સતર્કતાને કારણે અધિકારીઓએ પણ તાત્કાલિક કાર્યવાહી કરી વાહનોને પુલ પર જતા અટકાવ્યા હતા. મેડે અને અકસ્માતની વચ્ચે અમારી પાસે એવા અધિકારીઓ હતા જેમણે સમયસર ટ્રાફિક બંધ કર્યો. જહાજના ક્રૂ મેમ્બર્સની પ્રશંસા કરતા તેમણે કહ્યું, આ લોકો હીરો છે. તેમણે ગઈ રાત્રે લોકોના જીવ બચાવ્યા.

# સહયોગ અને સુરક્ષાના અન્ય પાસાઓ પર પણ કામ કરીશું: એસ. જયશંકર

નવીદિલ્હી,
પોતાનો સિંગાપોર પ્રવાસને પૂર્ણ કરીને વિદેશમંત્રી એસ. જયશંકર ફિલિપાઈન્સ પહોંચી ગયા છે. જયશંકરે ફિલિપાઈન્સના વિદેશ મંત્રી એનરિકે મનાલો સાથે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધી હતી.તેમણે જણાવ્યું હતું કે ભારત પોની રાષ્ટ્રીય સાર્વભૌમત્વ જાળવી રાખવામાં ફિલિપાઈન્સને સમર્થન આપે છે.

પ્રેસ કોન્ફરન્સને સંબોધતા જયશંકરે કહ્યું કે તેમણે તેમના મનીલામાં પોતાના સમકક્ષ એનરિકે મનાલો સાથે ખૂબ સારી ચર્ચા કરી. તેમણે વધુમાં કહ્યું, "હું ફિલિપાઈન્સને તેની રાષ્ટ્રીય સાર્વભૌમત્વ જાળવવા માટે ભારતના સમર્થનને પુનરાવર્તિત કરવાની આ તકનો ઉપયોગ કરું છું. દરેક દેશને તેની સાર્વભૌમત્વ જાળવવાનો અને લાગુ કરવાનો સંપૂર્ણ અધિકાર છે. આ તે બાબત છે જેના પર અમે ચર્ચા કરી છે."

પત્રકાર પરિષદને સંબોધતા જયશંકરે કહ્યું કે, અમે માત્ર એક મહત્વપૂર્ણ દરિયાઈ રાષ્ટ્ર નથી, પરંતુ અમે ઈન્ડો-પેસિફિકના બે છેડા છીએ. તદ્દન છેવાડે નહીં, પરંતુ ફિલિપાઈન્સ મધ્યમાં ક્યાંક છે. દરેક દેશને દરિયાઈ સુરક્ષામાં રસ છે, પરંતુ આપણા કિસ્સામાં તે અન્ય ઘણા દેશો કરતા વધારે છે.

# સંદેશખાલી પીડિતા વિરુદ્ધ 'ડર્ટી પોલિટિક્સ'

**ભાજપમાંથી ટિકિટ મળતાં બસીરહાટમાં પોસ્ટર વોર શરૂ**

ભારતીય જનતા પાર્ટીએ સંદેશખાલી કેસની 'પીડિતા' રેખા પાત્રાને બસીરહાટ લોકસભા બેઠક પરથી તેના ઉમેદવાર બનાવ્યા પછી આ વિસ્તારમાં કેટલીક જગ્યાએ તેમના વિરુદ્ધ પોસ્ટર જોવા મળ્યા છે. આ પોસ્ટરો ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર રેખા પાત્રાની ઉમેદવારીની નિંદા કરવામાં આવી છે. રેખા પાત્રાને તૃણમૂલ કોંગ્રેસના



સસ્પેન્ડેડ નેતા શાહજહાં શેખ અને તેના સહયોગીઓના હાથે કથિત રીતે ત્રાસ આપવામાં આવ્યો હતો.

રેખા પાત્રા વિરુદ્ધ પોસ્ટર લગાવવા બદલ ભાજપે રાજ્યની શાસક તૃણમૂલ કોંગ્રેસ (TMC) પર આંગળી ચીંધી છે. જોકે, ્સ્ઞએ આરોપને ફગાવી દીધો છે. રેખા પાત્રા, જેઓ હજી સત્તાવાર રીતે ભાજપમાં જોડાયા નથી, તેમને બસીરહાટ લોકસભા બેઠક પરથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. સંદેશખાલી બસીરહાટ મતવિસ્તારનો ભાગ છે. બીજેપીએ સીટ પરથી પાત્રાના નામાંકનની જાહેરાત કર્યાના એક દિવસ બાદ સોમવારે 'અમને રેખા પાત્રા ઉમેદવાર તરીકે નથી જોઈતી' અને 'અમને રેખા પાત્રાન બીજેપીના ઉમેદવાર તરીકે જોઈતી નથી' જેવા શબ્દો સાથેના પોસ્ટર જોવા મળ્યા હતા. ભાજપના એક સ્થાનિક નેતાએ જણાવ્યું હતું કે, 'આ પોસ્ટર અમે નહોતા લગાવ્યા. તૃણમૂલ કોંગ્રેસે સસ્તી રાજનીતિ કરવા માટે આ કર્યું છે. જો કે, ટીએમસીએ આ આરોપને નકારી કાઢ્યો છે.

# ઈમરાનની પાર્ટી પર ઈસ્લામાબાદમાં વિરોધ રેલી યોજવા ઉપર પ્રતિબંધ

ઈસ્લામાબાદ,
પાકિસ્તાનમાં, શાહવાઝ શરીફની સરકારે જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી પર ઈસ્લામાબાદમાં વિરોધ રેલી યોજવા પર પ્રતિબંધ મૂક્યો છે. પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પાર્ટીએ ઈસ્લામાબાદમાં ૮ ફેબ્રુઆરીની સામાન્ય ચૂંટણીઓમાં કથિત ધમાલ સામે વિરોધ રેલીનું આયોજન કરવાની જાહેરાત કરી હતી.પોલીસ પ્રશાસને વિરોધ રેલીનું આયોજન કરવાની અરજી ફગાવી દીધી છે. પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પાર્ટીએ ઈસ્લામાબાદ વહીવટીતંત્ર પાસેથી ૨૩ માર્ચ અથવા ૩૦ માર્ચે જાહેર સભાનું આયોજન કરવાની પરવાનગી માંગી હતી, પરંતુ તેને નકારી કાઢવામાં આવી હતી.૮મી ફેબ્રુઆરીની ચૂંટણી બાદ આ પ્રથમ ઘટના હતી. પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પાર્ટીએ ૩૦ માર્ચે વિરોધ માર્ચ યોજવાની પરવાનગી માંગી હતી, પરંતુ વહીવટીતંત્રે તેને નકારી કાઢી હતી. ઈસ્લામાબાદના ડેપ્યુટી કમિશનર (ડીસી) ઈરફાન મેમને "કાયદો અને વ્યવસ્થા"ની સ્થિતિને ટાંકીને વિનંતીને નકારી કાઢી હતી.

# ટ્રમ્પ સામે ચાલશે ફોજદારી કેસ સુનાવણી ૧૫ એપ્રિલે હાથ ધરાશે

ન્યુયોર્ક,
અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા સ્ટોર્મી ડેનિયલ્સને ચૂપ કરવા માટે પૈસા ચૂકવવાના મામલામાં મુશ્કેલીઓ વધી શકે છે. રિપોર્ટ્સ અનુસાર, અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં રિપબ્લિકન ઉમેદવાર ટ્રમ્પ વિરુદ્ધ કેસમાં ટ્રાયલની તારીખ નક્કી કરવામાં આવી છે. ન્યૂયોર્કના ન્યાયાધીશે આ કેસની સુનાવણી ૧૫ એપ્રિલની તારીખ નક્કી કરી છે.

સુનાવણી દરમિયાન ટ્રમ્પે ન્યાયાધીશને ટ્રાયલ મુલતવી રાખવા વિનંતી કરી હતી. જો કે, જજ જુઆન



મર્ચને ટ્રમ્પની તમામ વિનંતીઓને ફગાવી દીધી હતી અને ૧૫ એપ્રિલથી ટ્રાયલ શરૂ કરવાનો આદેશ આપ્યો હતો. રિપોર્ટ અનુસાર, ટ્રમ્પ વિરૂદ્ધ ટ્રાયલ સોમવારથી શરૂ થવાની હતી, પરંતુ છેલ્લી ઘડીએ મેનહટન ડિસ્ટ્રિક્ટ એટર્ની એલ્વિન બ્રેગની ઓફિસ ટ્રાયલમાં વિલંબ કરવા માટે સંમત થઈ હતી.

અગાઉ, ન્યૂયોર્કના સધર્ન ડિસ્ટ્રિક્ટ માટે યુએસ એટર્ની ઓફિસે આ કેસમાં ૧૦૦,૦૦૦ થી વધુ પાનાના રેકોર્ડને જાહેર કર્યા હતા. આ પછી, કેસ સાથે સંકળાયેલા પક્ષકારોએ આરોપ લગાવ્યો કે શા માટે પહેલા દસ્તાવેજો આગળ લાવવામાં ન આવ્યા. સોમવારે સુનાવણી શરૂ કરવાને બદલે, બંને પક્ષોએ દસ્તાવેજ વિવાદ ઉકેલવા માટે બેઠક બોલાવી હતી.

# ૨૦૨૬ સુધીમાં આસામમાં કોંગ્રેસનો કોઈ નેતા રહેશે નહીં": હિમંતા બિસ્વા

ગોવાહાટી,
આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ દાવો કર્યો છે કે વર્ષ ૨૦૨૬ સુધીમાં આસામમાં કોંગ્રેસનો કોઈ નેતા બાકી રહેશે નહીં. તેમણે કહ્યું કે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભાજપમાં જોડાશે. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીનું ભવિષ્ય 'અંધકાર'માં, રાજ્યની સૌથી જૂની પાર્ટી ૨૦૨૬ સુધીમાં ખતમ થઈ જશે. કોંગ્રેસ અધ્યક્ષ ભૂપેન કુમાર બોરા જાન્યુઆરી ૨૦૨૫માં ભાજપમાં જોડાશે. મેં તેમના માટે ૨ મતવિસ્તાર નક્કી કર્યા છે. બધા નેતાઓ આપણા હાથમાં છે. જ્યારે જરૂર પડશે ત્યારે હું તેમને લાવીશ.

આસામના લખીમપુર જિલ્લાના નૌબોઈચાના ધારાસભ્ય ભરત ચંદ્ર નારાએ તેમની પત્નીને લોકસભા ચૂંટણી માટે ટિકિટ ન અપાતા કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું હતું. બે દિવસ પહેલા કોંગ્રેસે ઉદય શંકર હજારિકાને લખીમપુર લોકસભા સીટ પરથી પાર્ટીના ઉમેદવાર જાહેર કર્યા હતા. નારાને આશા હતી કે કોંગ્રેસ તેમની પત્ની અને પૂર્વ કેન્દ્રીય મંત્રી રાની નારાને આ બેઠક પરથી ટિકિટ આપશે. તેમની પત્ની રાની નારા ત્રણ વખત લખીમપુરથી સાંસદ રહી ચૂક્યા છે અને એક વખત રાજ્યસભાના સભ્ય પણ હતા.

# જે સુરંગમાં ૪૩ મજૂરો ફસાયા તેનો કાટમાળ ખસેડવા ૨૦ કરોડનો ખર્ચ

દેહરાદૂન,
ઉત્તરકાશી, ઉત્તરાખંડમાં નિર્માણાધીન સિલ્ક્યારા ટનલ દુર્ઘટનાને ઘણો સમય થઈ ગયો હશે. પરંતુ આ અકસ્માતને કોઈ ભૂલી શક્યું નથી. ટનલના નિર્માણ દરમિયાન, આસપાસના વિસ્તારમાં ભૂસ્ખલનને કારણે ટનલ તૂટી ગઈ હતી. જેમાં ૪૩ મજૂરો દટાયા હતા અને તેમના બચાવ માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. જો કે તમામ કામદારોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. નિર્માણાધીન ટનલનો કાટમાળ હટાવવાનું કામ શરૂ થવાનું છે.

રિપોર્ટ અનુસાર કાટમાળ હટાવવામાં ૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. સ્વિસ કંપનીએ ડીપીઆર તૈયાર કર્યો છે. આ કાટમાળ સિલ્કિયારામાં જ ડમ્પિંગ ગ્રાઉન્ડમાં નાખવામાં આવશે. કહેવામાં આવી રહ્યું છે કે ત્રણ-ચાર દિવસમાં કાટમાળ હટાવવાનું કામ



શરૂ થઈ જશે.

તમને જણાવી દઈએ કે થોડા દિવસો પહેલા પણ ઉત્તરકાશીમાં યમુનોત્રી હાઈવે પર નિર્માણાધીન પ્રખ્યાત સિલ્ક્યારા ટનલમાંથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા હતા. અહીં ફરી એકવાર દર્દનાક અકસ્માત સર્જાયો છે. ટનલની બહાર કામ કરી રહેલું લોડર મશીન અચાનક રોડની બહાર પલટી ગયું હતું.






LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ 8

તા.૨૭-૦૩-૨૦૨૪, બુધવાર

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫







## ગ્રાન્ટ વાપરવામાં કંજુસાઈ : ૧૭ કરોડમાંથી રાજકોટના સાંસદે માત્ર પાંચ, ભાવનગર, સુરેન્દ્રનગર અને જૂનાગઢના સાંસદે સાત-સાત કરોડ વાપર્યા

**દરેક સાંસદોને તેમના મત વિસ્તારના વિકાસના કામો માટે પ્રતિવર્ષ રૂા.પાંચ કરોડની ગ્રાન્ટ ફાળવાય છે**

**લોકપ્રશ્નોનો નિવેડો લાવવામાં નબળા રહેલા સાંસદો સરકારી ગ્રાન્ટ વાપરવામાં પણ કંજુસ ! : એડીઆર રિપોર્ટમાં થયો ખુલાસો**

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતના લોકસભાના ૨૬ સાંસદ સભ્યોનું રિપોર્ટ કાર્ડ એસોસીએશન ઓફ ડેમોક્રેટીક રિફોર્મ્સ (એડીઆર) દ્વારા જારી કરાયું છે. જેમાં ગૃહમાં હાજરી, લોકોની સમસ્યા અંગે પુછાયેલા પ્રશ્નો અને સરકારી ગ્રાન્ટ વાપરવામાં કરાયેલી કંજુસાઈની આંકડાકીય વિગતો સામે આવી છે. ગુજરાતના ૨૬ પૈકી સૌરાષ્ટ્રની સાત બેઠકના સાંસદોએ સરકારી ગ્રાન્ટ કેટલી વાપરી તેના આંકડા અત્રે પ્રસ્તુત છે. ઉલ્લેખનીય છે કે, આ ટર્મમાં કોવિડ-૧૯ના કારણે સાંસદોને રૂા.૨૫ કરોડને બદલે ૧૭ કરોડ ગ્રાન્ટ ફાળવાઈ હતી. આમ ૮ કરોડનો કાપ મુકાયો હતો. જો કે, સાંસદોએ પોતે સ્વયં કાપ મુક્યો હોય તેમ ૧૭ કરોડ પૈકી માંડ ૧૦ કરોડ પણ વાપર્યા નથી !

સાંસદ સભ્યોને દર વર્ષે તેમના મત વિસ્તારના વિકાસના કામો માટે પ્રતિવર્ષ રૂા.૫ કરોડની ગ્રાન્ટ ફાળવાય છે. પરંતુ સરકારી ગ્રાન્ટ ફાળવવામાં સાંસદો ભારે કંજુસાઈ કરે છે. સૌરાષ્ટ્રમાં સૌથી ઓછી ગ્રાન્ટ વાપરી હોય તો રાજકોટના સાંસદ મોહન કુંડારીયા અવ્વલ નંબરે આવે છે. તેમણે ૧૭માંથી માત્ર પાંચ કરોડ ગ્રાન્ટ વાપરી છે. જ્યારે બીજા નંબરે ભાવનગરના ભારતી શિયાળ અને સુરેન્દ્રનગરના મહેન્દ્ર મુંજપરા તથા જૂનાગઢના રાજેશ ચુડાસમા આવે છે. આ ત્રણેય સાંસદોએ ૧૭ પૈકી માત્ર ૭ કરોડ જ વાપર્યા છે. આમ રૂા.૧૦ કરોડની સરકારી ગ્રાન્ટ પડી રહી છે. જ્યારે પોરબંદર, જામનગર અને અમરેલીના સાંસદોએ રૂા.૯.૫ કરોડની ગ્રાન્ટ વાપરી છે. જો કે, ૧૭ કરોડમાંથી પુરા ૧૦ કરોડ એકપણ સાંસદે વાપર્યા નથી !

| સાંસદ | ફંડ વાપર્યું | કેટલી હાજરી | પ્રશ્નો પુછ્યા |
|---|---|---|---|
| રાજેશ ચુડાસમા-જૂનાગઢ | રૂા.૭ કરોડ | ૭૭.૭% | ૩૩૧ |
| મોહન કુંડારીયા-રાજકોટ | રૂા.૫ કરોડ | ૮૬.૮% | ૩૪૨ |
| ભારતી શિયાળ-ભાવનગર | રૂા.૭ કરોડ | ૭૬.૯% | ૨૯૮ |
| મહેન્દ્ર મુંજપરા-સુરેન્દ્રનગર | રૂા.૭ કરોડ | ૭૧.૮% | ૧૪ |
| રમેશ ધડુક-પોરબંદર | રૂા.૯.૫ કરોડ | ૭૬.૨% | ૩૬ |
| પૂનમ માડમ-જામનગર | રૂા.૯.૫ કરોડ | ૮૪.૬% | ૨૬૩ |
| નારણ કાછડીયા-અમરેલી | રૂા.૯.૫ કરોડ | ૮૮.૬% | ૪૩૪ |

અત્રે ઉલ્લેખનીય છે કે, ભાવનગર શહેર અને જિલ્લામાં વિકાસના અનેક કાર્યો થઈ શકે તેમ છે. મતદારોની અનેક સમસ્યાઓ અને પ્રશ્નો છે તેમ છતા લોકપ્રિય રહેલા સાંસદ ભારતીબેન શિયાળ દ્વારા કોઈ કારણોસર સરકારી ગ્રાન્ટની ફાળવણી થઈ નથી જેથી મતદારોમાં સવાલો ઉઠ્યા છે.

## ભાવનગરના બે કારગઠીયાએ કર્મકાંડના નામે સુરતમાં મહિલા પાસેથી રૂા. પાંચ લાખ પડાવ્યા

**ગોવાના કેસીનોમાં જુગારમાં રકમ હારી ગયા બાદ ભાવનગરના રવિ જોષી અને શરદ જાનીએ ૨૦ લાખનું દેવુ ચુકવવા ખેલ પાડ્યો**

ભાવનગર, તા.૨૭

ભાવનગરના બે વિપ્ર શખ્સોને હાઈપ્રોફાઈલ જુગારની લત લાગ્યા બાદ તેમાં પૈસા હારી જતા દેવુ ચુકવવા સુરતમાં એક મહિલાને કર્મકાંડ અને વિધિના નામે ફસાવી રૂા.પાંચ લાખ પડાવ્યા હતાં. આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે એક વિપ્ર શખ્સને ઝડપી લીધો છે. જ્યારે બીજો ફરાર થઈ ગયો હોય તેને શોધવા ચક્રો ગતિમાન થયા છે. આ પ્રકરણમાં પગેરૂ ભાવનગર સુધી નીકળતા સુરત પોલીસની તપાસ ભાવનગર સુધી લંબાઈ હોવાનું જાણવા મળ્યું છે.

આ ચકચારી બનાવ અંગે ઉપલબ્ધ વિગતો મુજબ ગોવાના કેસીનોમાં જુગારમાં ૨૦ લાખની રકમ હારી જતા બે કર્મકાંડી બ્રાહ્મણને ૨૦ લાખનું દેવું થયું હતું. જેથી શોટકર્ટમાં રૂપિયા કમાવવા બંને ચીટરોએ જહાંગીરપુરામાં રહેતી મહિલાને તાંત્રિકના વિધીના બહાને વિશ્વાસમાં લઈ ૧૨ તોલાના સોનાના દાગીના અને રોકડ મળી ૫ લાખની મતા પડાવી હતી. આ ગુનામાં જહાંગીરપુરા પોલીસે ભાવનગરથી કર્મકાંડી બ્રાહ્મણ રવિ બાબુ જોષી(૩૪) (રહે,વિજયબાગ સોસાયટી, દેવબાગ રોડ, ભાવનગર)ને પકડી પાડી ધરપકડ કરી છે. જ્યારે ભાવનગર ખાતે રહેતો તેનો સાગરિત શરદ જાની હજુ ફરાર છે.

**લોકો પાસેથી પૈસા પડાવી દર મહિને બન્ને વિપ્ર યુવાનો ગોવા કેસીનોમાં જુગાર રમવા જતા**

વધુમાં પોલીસે જણાવ્યું કે દર મહિને રવિ અને શરદ બન્ને ચીટરો લોકો પાસેથી રૂપિયા પડાવી બાયરોડ ક્રેટા કારમાં ગોવા કેસીનોમાં જતા હતા. જ્યાં જુગાર રમતા હતા. જુગારની લતમાં બન્ને ૨૦ લાખનું દેવું થયું હતું. દેવું ચુકવવા બન્ને ચીટરો કારમાં સુરત આવ્યા હતા. આરોપી રવિ જોષી અગાઉ અમરોલીમાં રહેતો હતો. જેથી તેણે સુરતમાં તાંત્રિક વિધિના નામે રૂપિયા પડાવવા ખેલ કર્યો હતો. આરોપી રવિ પરિણીત છે અને સંતાનમાં બે દીકરી અને એક દીકરો છે.

**રવિ જોષીએ પોતે જ્યોતિષમાં પીએચડી હોવાનું જણાવી મહિલાને ફસાવી**

જહાંગીરપુરામાં ૪૯ વર્ષીય રશ્મિબેનના ઘરે બે શખ્સોએ પીવા માટે પાણી માગ્યું હતું. પછી તેને કહ્યું કે હું બ્રાહ્મણ છું અને મે જ્યોતિષ શાસ્ત્રમાં પીએચડી કરી અને રવિ બાબુ જોષી નામ છે.પછી તાંત્રિક વિધીના નામે મહિલા પાસેથી યજ્ઞ અને ધજા માટે ૪૭,૫૦૦ રોકડ અને ૧૫૦૦નો ડ્રેસ ઉપરાંત રૂ.૧૧૦૦ની દક્ષિણા લીધી હતી. મહિલાને કહ્યું કે તમારા ઘરમાં ભયંકર અશુદ્ધિ છે. તેને દૂર કરવા તમારા ઘરના સોનાના દાગીના શુદ્ધ કરવા પડશે એમ કહી પરિણીતા, તેની સાસુ અને વહુની બોરમાળા, સોનાની ચેઈન, પેન્ડલ, વીંટી, લુઝ સહિતના ૫ લાખની દાગીના પડાવી લીધા હતા.

## રૂપાણી સર્કલના બંધ મકાનમાંથી રૂા.૧.૯૦ લાખની મત્તાની ચોરી

ભાવનગર તા.૨૭

ભાવનગરના રૂપાણી સર્કલ નજીક આવેલ મહિલાના મકાનમાં તસ્કરો ત્રાટકયા હતા અને મહિલાના બહેન-બનેવીના ઘરેણાં,અગત્યના દસ્તાવેજોની ફાઈલો તેમજ રોકડ રકમ મળી કુલ રૂ.૧.૯૦ લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ જતા મહિલાએ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

**મહિલાના બહેન-બનેવીએ સાચવવા માટે આપેલ ઘરેણાં,રોકડ રકમ અને અગત્યના દસ્તાવેજોની ફાઈલો તસ્કરો ઉઠાવી ગયા**

ચોરીની આ ઘટના અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના રૂપાણી સર્કલ રોડ,પ્લોટ નં.૧૫૭૬/૧૪, ચંપા હાઉસીઝ હાલ રહે.પ્લોટ ૧૫૭૮/એ, આશુતોષ બંગલોઝ,ન્યુ ચંપા ટેનામેન્ટ, રૂપાણી રોડ પર રહેતા મહિલા કલ્પનાબેન નિલેશભાઈ પંડ્યા એ ઘોઘારોડ પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, તેમના બહેન-બનેવી શેલજાબહેન અને ઉત્પલભાઈ દવેનું મકાન જૂનું થઈ ગયેલ હોય હાલ તેઓ ભાડાના મકાનમાં રહેતા હોય તેમની કિંમતી ચીજ વસ્તુઓ અને સામાન તેમના ચંપા હાઉસમાં આવેલ જુના મકાનમાં રાખેલા હતા. ગઈકાલે તેમના કામવાળા બહેન ઘરનું સફાઈનું કામકાજ કરીને તેમના જુના મકાનમાં સાફ-સફાઈ કરવા માટે ગયા હતા ત્યારે તેઓ પણ તેમની સાથે જતા તેમના જૂના મકાનના મુખ્ય દરવાજાનો આંગળીઓ તુટેલી હાલતમાં જોવામાં આવતા તેમણે દરવાજો ખોલવી મકાનમાં તપાસ કરતા મકાનમાં રાખેલ સામાન વેરવિખેર પડ્યો હતો અને કબાટની અંદર તપાસ કરતા તેમના બહેન બનેવીએ સાચવવા માટે આપેલ સોનાના સેટ નંગ-૦૨ તેમજ ચાંદીનો રથ નંગ-૦૧ ઉપરાંત તેમના વિમાની ફાઈલ અને કારના રજીસ્ટ્રેશનની ફાઈલ તેમજ બેંકના અગત્યના કાગળો ની ફાઈલ ઉપરાંત રૂપિયા ૧૫,૦૦૦/- રોકડા મળી કુલ રૂ.૧,૯૦,૦૦૦/- ની મત્તાની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરીને લઈ ગયો હતો. ઘોઘા રોડ પોલીસે અજાણ્યા તસ્કર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## આકરો ઉનાળો : બપોરે 38.4 અને રાત્રે 27.4 ડિગ્રી તાપમાન

ભાવનગર, તા.૨૭

હોળીની ઉજવણી સાથે જ ઉનાળાની આકરી ગરમીનો પ્રારંભ થયો છે. પશ્ચિમ તરફથી ફૂકાઈ રહેલા ગરમ પવનોના કારણે ભાવનગર શહેરમાં ગઈકાલે મંગળવારે મહત્તમ તાપમાન વધીને ૩૮.૪ ડિગ્રી સેન્ટીગ્રેડ થઈ ગયુ હતુ જેથી હોળી-ધૂળેટીના પર્વ બાદ તરત જ ઉનાળાના મધ્ય જેવી આકરી ગરમીનો પ્રારંભ શરૂ થઈ ગયો છે. તો રાત્રીનુ તાપમાન પણ વધીને ૨૭.૪ ડિગ્રી સેન્ટીગ્રેડ થઈ ગયુ હતુ. શહેરમા મંગળવારે સાંજે ૧૬ કિલોમીટરની ઝડપે પવનના

**સૂર્યનારાયણે શરૂઆતથી જ કોપ વરસાવતા દિવસ અને રાત્રીના તાપમાનમાં 11 ડિગ્રીનો તફાવત**

સૂસવાટા ફૂંકાયા હતા.

રાજયમાં પ્રવર્તતા ઉત્તર-પશ્ચિમના ગરમ-સૂકા પવનોની અસરથી ભાવનગર શહેરમાં સોમવારે મહત્તમ તાપમાન ૩૭.૪



ડિગ્રી સેન્ટીગ્રેડ હતુ તે મંગળવારે એક ડિગ્રી વધીને ૩૮.૪ ડિગ્રી સેન્ટીગ્રેડ થઈ ગયુ હતુ. જયારે લઘુત્તમ ઉષ્ણતામાન ૨૪ કલાક અગાઉ ૨૪.૫ ડિગ્રી સેન્ટીગ્રેડ હતુ તે મંગળવારે વધીને ૨૫.૨ ડિગ્રી સેન્ટીગ્રેડ થઈ ગયુ હતુ. જયારે ગત રાત્રીના તેમાં પણ ૨.૨ ડિગ્રીનો વધારો થતા આજે સવારે હવામાન વિભાગે જાહેર કરેલા આકડામા લઘુતમ તાપમાન ૨૭.૪ ડિગ્રી નોંધાયુ છે. આમ દિવસ બાદ રાત્રીનાં પણ આકરી ગરમીનો પ્રારંભ થઈ જવા પામ્યો છે. દિવસ અને રાત્રીના તાપમાનમાં ૧૧ ડિગ્રીનો તફાવત રહેવા પામ્યો છે.

ભાવનગર શહેરમાં મંગળવારે બપોરે તાપમાન સામાન્યથી ૨.૧ ડિગ્રી સેન્ટીગ્રેડ વધુ નોંધાયુ હતુ જ્યારે રાત્રે ઉષ્ણતામાન સામાન્યથી ૫ ડિગ્રી સેન્ટીગ્રેડ વધુ નોંધાયુ હતુ. શહેરમાં હવામાં ભેજનું પ્રમાણ ૪૭ ટકા હતુ. જ્યારે પવનની સરેરાશ ઝડપ વધીને ૧૬ કિલોમીટર થઈ ગઈ હતી. જેના કારણે માર્ચમાં અંતમાં જ લૂ ફૂકાવાનો અનુભવ લોકોએ કર્યો હતો. લોકોને રાતે ગરમીની સાથે બફારો પણ વર્તાયો હતો. ભાવનગર સહિત રાજ્યના ઘણા જિલ્લામાં આગામી પાંચ દિવસ ભેજવાળા પવનો ફુંકાતા બફારાનું પ્રમાણ પણ વધે તેવી આગાહી કરાઈ છે. આ વખતે ત્રણ સપ્તાહ અગાઉથી જ તાપમાન વધવા લાગ્યુ હોય એપ્રિલ અને મે માસમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રી પહોંચી જાય તેવી શક્યતાઓ પણ નકારી શકાતી નથી. ત્યારે ઉનાળાના પ્રારંભ સાથે જ લોકોએ ગરમીથી બચવા સાવચેતી રાખવી જરૂરી બની છે.

## સ્વપ્ન સૃષ્ટિ ફ્લેટમાંથી મહિલાના એક્ટિવા સ્કુટરની ઉઠાંતરી

ભાવનગર તા.૨૭

ભાવનગરના ટોપથ્રી સર્કલ નજીક આવેલ સ્વપ્ન સૃષ્ટિ સોસાયટી,ફ્લેટ નં.૧૦૨ માં રહેતા મહિલા નિતાબહેન યશેષભાઈ ભટ્ટની માલિકીનું એક્ટિવા સ્કૂટર નં. જી.જે.૦૪-ડી.એલ.૬૬૯૯ કિં. રૂ.૨૫,૦૦૦/- તેમના ફ્લેટના પાર્કિંગમાં મુકેલ હતું તે કોઈ અજાણ્યો ઈસમ ગત તા.૦૧/૦૨/૨૦૨૪ ના રાત્રીના સમયે ચોરી કરી લઈ જતા નિતાબહેન ભટ્ટે ભરતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## મોબાઈલમાં આંકડા લઈને જુગાર રમાડતો શખ્સ ઝબ્બે

ભાવનગર,તા.૨૭

ભાવનગર એલસીબી પોલીસે બાતમી આધારે શહેરના કુંમુદવાડી, માલધારી સોસાયટીના નાકા પાસે ઉભો રહીને વોટ્સએપમાં આંકડા લઈને જુગાર રમાડતો અનિલ હીંમતભાઈ યાદવને ઝડપી લીધો હતો. તેની પાસેથી રોકડ રૂપિયા ૧૪૦૦ સહિત કુલ ૬૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

## વિજાનાનેસ ગામે જુગારી ઈલેવન ઝડપાઈ

ભાવનગર,તા.૨૭

પાલિતાણા તાલુકાના વિજાનાનેસ પોપટભાઈ ગોહિલના ઘરની પાસે બજારમાં લાઈટના અજવાળે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૧૧ શખસોને રોકડ રૂપિયા ૧૦,૯૫૦ સાથે જેસર પોલીસે ઝડપી લીધા હતા અને ધોરણસરની કાર્યવાહી કરી લોક અપ હવાલે કર્યા હતા. જેસર પોલીસે જુગાર રમતા ઝડપેલ શખ્સોમા ઠળીયા ગામના ધનજીભાઈ ગટુરભાઈ હાડા, નિંગાળા ગામના અશોકભાઈ ગોરધનભાઈ હાડા, શેત્રાણા ગામના તખુભાઈ લખુભાઈ પઢીયાર, વિજાનાનેસના વિક્રમભાઈ ગોબરભાઈ ઉર્ફે નોંઘણભાઈ બારૈયા, ધીરૂભાઈ મનુભાઈ ગોહિલ, જેસલભાઈ માનભાઈ ગોહિલ, જોધુભાઈ ભાવુભાઈ ગોહિલ, રૂપસંગભાઈ ભલાભાઈ ગોહિલ, વનરાજસીંહ જીણાભાઈ ગોહિલ, વજેસિંહ અમરૂભા ગોહિલ અને મધુભાઈ બચુભાઈ ગોહિલ સામે જેસર પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ધૂળેટીનો જલ્સો ગોઠવનાર આયોજકોએ સફાઈમાં હાથ ઉંચા કરતા રૂપાણી સર્કલમાં કલરના થરનો ઉકરડો જામ્યો

**નગર ધૂળેટી મહોત્સવ પત્યા બાદ સફાઈ નહીં થતા વાહન ચાલકો અને સ્થાનિકોને નાકે દમ આવી ગયો : કમિશનર સુધી બાબત પહોંચતા સફાઈનો ખર્ચ ઉપરાંત પેનલ્ટી વસૂલવા ફરમાન**

ભાવનગર, તા.૨૭

ભાવનગરમાં રૂપાણી સર્કલમાં પ્રતિવર્ષ ધૂળેટી પર્વે સ્વયંભુ રંગોત્સવ જામે છે. પરંતુ આ વર્ષે નગર ધૂળેટી મહોત્સવનું જન વિકાસ પરિષદ અને એસ.વાય. ઈવેન્ટ દ્વારા આયોજન થયું હતું. જેથી આ રંગોત્સવ ઔર જામ્યો હતો. પરંતુ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ આ સમગ્ર વિસ્તાર કલરોના ઢગલા સાથે ઉકરડામાં ફેરવાઈ ગયો હતો જેના કારણે સ્થાનિક રહિશો તોબા પોકારી ગયા હતાં. આ મામલે કોર્પોરેશન સુધી ફરિયાદ પહોંચતા કમિશનરે આયોજકોને પેનલ્ટી ફટકારવા સુચના આપતા તંત્રએ તે દિશામાં કાર્યવાહી હાથ ધરી છે.

રૂપાણી સર્કલ ખાતે નગર ધૂળેટી મહોત્સવ યોજી સ્ટેજ બનાવી ગીત-સંગીતના જલ્સા સાથે રંગોત્સવ યોજાયો હતો જેણે યુવા વર્ગને ઘેલુ કર્યું હતું. સામાજીક સમરસતા માટે આ કાર્યક્રમ પ્રસંશનીય બની રહ્યો હતો. પરંતુ આયોજકો કાર્યક્રમ પત્યા બાદ પોતાની જવાબદારી ભુલ્યા હોય તેમ રૂપાણી સર્કલના વિસ્તારમાં ગુલાલ સહિતના કલરોનો જાણે ઉકરડો જામ્યો હોય તેવા થર જામી ગયા



હતાં આથી વાહનો નીકળે ત્યારે કલર દિવસભર ઉડતો રહ્યો હતો જેના કારણે સ્થાનિકોને ભારે હાડમારી વેઠવાનો વારો આવ્યો હતો. રંગોત્સવ બાદ આ રસ્તે પસાર થયેલા મેયરને પણ મામલો ધ્યાને આવતા સોલિડ વેસ્ટ વિભાગને સફાઈ માટે સુચના આપી હતી. જ્યારે કમિશનરને બાબત ધ્યાને આવતા સફાઈનો ખર્ચ ઉપરાંત પેનલ્ટી વસૂલવા સુચના આપતા તંત્ર કાર્યવાહી માટે તે દિશામાં આગળ વધી રહ્યું છે.

## માનસિક બિમારીથી ત્રસ્ત યુવકે વાડીમાં ફાંસો ખાધો

ભાવનગર,તા.૨૭

ઘોઘા તાલુકાના નવાગામ (નાના)ના માલદેવસિંહ લઘધિરસિંહ ચૂડાસમા (ઉ.૨૫) માનસિક બિમારીથી કંટાળી જઈને પોતાની વાડીએ જઈને ગળે ફાંસો ખાઈ લીધો હતો. જેથી તેને ભાવનગર સર ટી. હોસ્પિટલમા તબીબે મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## જમીન મામલે સાસુ સસરાએ પુત્રવધૂને મારમાર્યાની ફરિયાદ

ભાવનગર,તા.૨૭

ઘોઘા તાલુકાના મોટા ખોખરા ગામે ભારતીબેન પ્રવીણભાઈ ઉર્ફે પરેશભાઈ ઠાકરશીભાઈ ખસિયાએ એવા મતલબની ફરીયાદ નોંધાવી હતી કે, તેના સસરાએ ભાગમાં આવતી જમીન આપી દીધી હતી, જે પાછી માંગતા આપવાની ના પાડતા તેણીના સસરાને નહિ ગમતા સસરા ઠાકરશીભાઈ સામતભાઈ ખસિયા અને સાસુ અંજુબેન ઠાકરશીભાઈએ પુત્રવધૂને લોખંડનો પાઈપ મારીને ફ્રેક્ચર કરીને મુંઢ મારમારીને ગાળો આપીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે વરતેજ પોલીસમાં ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.